

અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ.

—પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૭ □ (૫૨૦) ❊ આત્મધર્મ ❊ (અંક-૮ વર્ષ-૪૩) □ વીર સં. ૨૫૧૩ ફેબ્રુઆરી, ૧૯૮૭

ઘાટકોપર (મુંબઈ) ઉપનગરમાં—

## વેદીપ્રતિષ્ઠા-મહોત્સવ

અધ્યાત્મમાર્ગપ્રકાશક જિનશાસનપ્રભાવક પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુનીત પ્રભાવથી ઘાટકોપર (મુંબઈ) ઉપનગરમાં વિ. સં. ૨૦૨૫ માં નિર્મિત તેમ જ પ્રતિષ્ઠિત શ્રી નેમિનાથ દિગંબર જિનમંદિરમાં ઉપર ઋષભાદિ ૨૪ તીર્થંકરોની વેદીની બાજુમાં બિરાજમાન થનારા ભગવાન શ્રી આદિનાથ તેમ જ ભગવાન શ્રી બાહુબલીના ચાર ફુટ ઉન્નત ખડ્ગાસન વીતરાગ ભાવવાહી જિનબિંબની—જેમની પાવન પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૪૧માં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં પંચમેરુ–નંદીશ્વર-જિનાલયના પંચકલ્યાણકપ્રતિષ્ઠા મહોત્સવના પુનીત અવસરે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલવર્ષિણી છત્રછાયામાં થઈ હતી તેમની—વેદીપ્રતિષ્ઠાનો મંગલ મહોત્સવ ફાગણ સુદ ૧ થી ૩ તા. ૨૮–૨–૮૭ થી તા. ૨–૩–૮૭ ત્રણ દિવસ રાખવામાં આવ્યો છે.

આ શુભાવસર પર વેદીપ્રતિષ્ઠાના મંગલ વિધિવિધાન ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર વિડિયો-ટેપ પ્રવચન પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ઘાટકોપર દિગંબર જૈન ભજન મંડળી દ્વારા જિનેન્દ્રભક્તિ આદિ વિવિધ રોચક કાર્યક્રમ પણ રાખવામાં આવશે.

*

## 卐 ૯૮ મી કહાનગુરુ-જન્મજયંતી 卐

* તા. ૨૫-૧-૮૭ ના રોજ શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળના અનુરોધથી બોલાવવામાં આવેલી શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંડળ ટ્રસ્ટની મિટીંગમાં ટ્રસ્ટે સર્વસમ્મતિથી નિર્ણય લીધો હતો કે આ વર્ષે પૂજ્ય કહાનગુરુની ૯૮ મી મંગલ જન્મજયંતી સુવર્ણપુરીમાં તા. ૨૫-૪-૮૭ થી તા. ૨૯-૪-૮૭—પાંચ દિવસ સુધી શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ તરફથી અતિ આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે.

—o—

કહાન
સંવત-૭
વર્ષ-૪૩
અંક-૮
[ ૫૨૦ ]

વીર
સંવત
૨૫૧૩
A. D. 1987
FEB.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# આનંદના સ્વાદથી અષ્ટકર્મનો વિનાશ

[ શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨ )

આ શ્રી પરમાત્મપ્રકાશના પ્રથમ અધિકારની પ્રથમ ગાથા ચાલે છે.

આ સંસારમાંથી જે કોઈ સિદ્ધ થયાં તે ધ્યાનાગ્નિ દ્વારા કર્મોનો નાશ કરીને સિદ્ધ થયા છે એ વિષય ચાલે છે, તેમાં અહીં નયો ઉતારે છે.

દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે કે 'सव्वे शुद्धाहु शुद्ध नयाः' શુદ્ધનયથી સર્વ જીવ શુદ્ધ છે એટલે કે શુદ્ધ પવિત્ર વસ્તુને જાણનાર શુદ્ધનય દ્વારા જોઈએ તો દરેક જીવ પરમાત્મા છે. બધા આત્મા પરમાત્મા છે–શુદ્ધ છે. તેમાં એકાગ્ર થઈને હે જીવ! તારે જેટલો માલ (શુદ્ધતા) કાઢવો હોય તેટલો કાઢી લે!

શુદ્ધનયથી જોઈએ તો બધા આત્મા શક્તિરૂપે—સામર્થ્યરૂપે–ચૈતન્યચમત્કારના સ્વભાવરૂપે સદા શુદ્ધ જ છે અને પર્યાયાર્થિકનયથી જોઈએ તો જેણે શક્તિની વ્યક્તિ કરી છે–પ્રગટતા કરી છે તેવા સિદ્ધ ભગવાન શુદ્ધ છે. સિદ્ધ થયા છે તે અવસ્થાદષ્ટિએ થયા છે, દ્રવ્યે અને ગુણે તો બધા આત્મા સિદ્ધ છે–વસ્તુદષ્ટિએ બધા આત્મા ત્રિકાળ શુદ્ધ જ છે.

અખંડાનંદ શુદ્ધવસ્તુના નિર્વિકલ્પ ધ્યાનરૂપી અગ્નિ દ્વારા કર્મોનો નાશ એટલે રૂપાંતર કરીને આત્મા પોતાના સિદ્ધપદને પામે છે. વસ્તુસ્વરૂપમાં એકાગ્ર થવું તેનું નામ ધ્યાનાગ્નિ કહેવાય છે.

જેમ દિવાસળીમાં અગ્નિની શક્તિ છે તેને ઘસે ત્યારે અગ્નિ પ્રગટ થાય છે, તેમ આત્મામાં જ્ઞાન-આનંદની પરમાત્મશક્તિ પડી છે તેમાં એકાગ્રતા કરે ત્યારે પર્યાયમાં પરમાત્મદશા પ્રગટ થાય છે.

આ તો સિદ્ધ થવાની રસબસતી વાતો છે પણ લોકોને રસ નહિ એટલે લૂખું લાગે. જેમ ઘીમાં નાખેલી પૂરણપોળી રસબસતી હોય છે તેમ આત્મા પૂર્ણ આનંદથી રસબોળ છે, તેની પર્યાયમાં પ્રાપ્તિ કરવાની આ વાતો છે.

શુદ્ધસ્વભાવી આત્માને આ શુભાશુભભાવો અને કર્મોનો સંબંધ છે તે કલંક છે. ભગવાને અંતર એકાગ્રતારૂપ ધ્યાનાગ્નિ વડે તે કર્મોને અકર્મરૂપ કર્યા અને શુભાશુભ વિકારીભાવોનો નાશ કરીને તે કલંક દૂર કર્યું અને સિદ્ધદશા પ્રગટ કરી છે.

તે ધ્યાન કેવું છે? તો કહે છે કે અભેદ રાગરહિત શુદ્ધ સ્વભાવની દૃષ્ટિરૂપ
શુક્લધ્યાન છે એટલે કે શુક્લ-ઉજ્જ્વળ એકાગ્રતા નિર્મળતા પ્રગટ થવાનું કારણ છે.
વસ્તુસ્વરૂપમાં એકાગ્ર થતાં નિર્મળપર્યાય પ્રગટ થાય તેને શુક્લધ્યાન કહે છે. તે શુક્લ-
ધ્યાન વડે ભગવાને કર્મોને નષ્ટ કર્યા. આ ધ્યાનને આગમ અપેક્ષાએ શુક્લધ્યાન કહેવાય
છે અને અધ્યાત્મ અપેક્ષાએ તે ધ્યાનને વીતરાગ નિર્વિકલ્પ રૂપાતીત ધ્યાન કહેવાય છે.

નમોકારમંત્રના ધ્યાનને 'પદસ્થ ધ્યાન' કહેવાય છે. આત્માની અર્હિંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પાંચ પર્યાયરૂપ પાંચ પદનું ધ્યાન તે 'પદસ્થ ધ્યાન' છે.

પિંડસ્થ એટલે પિંડ (શરીર)માં રહેલાં આત્માનું આગમથી અને ગુરુગમથી બરાબર જ્ઞાન કરીને તેનું ધ્યાન કરવું તે 'પિંડસ્થધ્યાન' છે.

શરીર સહિત અરિહંત પરમાત્માનું ધ્યાન કરવું તે 'રૂપસ્થ ધ્યાન' છે અને શરીર રહિત તદ્દન નિરંજન સિદ્ધ પરમાત્મા જેવો જ હું છું એમ નિર્વિકલ્પ ધ્યાન કરવું તે 'રૂપાતીત ધ્યાન' છે.

વસ્તુના સ્વભાવથી વિચારવામાં આવે તો, શુદ્ધાત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર-રૂપ અભેદ રત્નત્રયમયી જે નિર્વિકલ્પ સમાધિ છે તેનાથી ઉત્પન્ન થયેલ વીતરાગ પરમાનંદ સમરસીભાવરૂપ સુખરસનો આસ્વાદ જેનું સ્વરૂપ છે તે ધ્યાનનું લક્ષણ છે.

અનાદિથી જીવ ધ્યાન તો કરે છે પણ તે ધ્યાય આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે.
એકધારા બે-બે કલાક શરીરના, રોગના, દીકરાના, પૈસાના કે એવા કોઈપણ વસ્તુના
ધ્યાનમાં અજ્ઞાની એકાગ્ર થઈ જાય છે. એક જ્ઞેયનું લક્ષ કરીને બીજા વિચારો આવવા ન
દેવા તેનું નામ ધ્યાન છે. સંસારમાં તો કોઈને કોઈ એક વિષયના લક્ષમાં અજ્ઞાની
બીજું બધું ભૂલી જાય છે તે એક પ્રકારનું ધ્યાન જ છે પણ જીવને સંસારમાં રખડાવનારું તે
ધ્યાન છે. તેમાંથી ગુલાંટ મારીને આત્માના સમરસી સ્વભાવમાં એકાગ્ર થઈને આનંદનો
સ્વાદ લેવો તે ખરું ધ્યાનનું લક્ષણ છે. તે ધ્યાન આત્માને સુખરૂપ છે.

જેમાં દુ:ખરૂપ સ્વાદ છે તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે અને જેમાં સુખરૂપ સ્વાદ છે તે ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે.

શુદ્ધ અનંત જ્ઞાનાદિગુણરૂપ આત્માની પ્રતીત–જ્ઞાન અને લીનતા કરતાં જે આનંદ થાય છે તે ધ્યાનનું લક્ષણ છે. ભગવાને આવા ધ્યાનવડે કર્મકલંકને નષ્ટ કર્યા છે. દુ:ખનો સ્વાદ લેતાં-લેતાં નહિ પણ આનંદનો સ્વાદ લેતાં લેતાં ભગવાને આઠ કર્મોનો નાશ કર્યો છે.

પદસ્થ, પિંડસ્થ આદિ ધ્યાનમાં પણ મૂળ તો તે પદમાં રહેલાં આત્મા અને તેની નિર્મળ પર્યાયનું જ્ઞાન કરીને એવા પોતાના આત્મામાં એકાગ્ર થવું તે જ ધ્યાન છે.

કર્મકલંક અર્થાત્ આઠકર્મરૂપ દ્રવ્યકર્મ અને રાગાદિ સંકલ્પ-વિકલ્પરૂપ ભાવકર્મનો નાશ કરીને ભગવાન સિદ્ધ થયાં છે. તે કર્મકલંકના દહનમાં નય ઉતારીને અહીં સમજાવ્યું છે તેમાં વિશેષ ધ્યાન રાખીને સમજવું પડશે.

ભગવાને પર્યાયમાં જે રાગ-દ્વેષાદિ ભાવકર્મ હતાં તેનો નાશ કર્યો એમ કહેવું તે અશુદ્ધ નિશ્ચયનયનું કથન છે. ભાવકર્મ પોતાની પર્યાયમાં હતાં માટે નિશ્ચય કહેવાય અને મલિન હતાં માટે અશુદ્ધ કહેવાય. શુદ્ધ નિશ્ચયનય ત્રિકાળશુદ્ધ આત્માને જાણે છે અને ભાવકર્મના નાશને જાણે છે તે અશુદ્ધનિશ્ચયનય છે. જાણવું તે જ્ઞાનનો અંશ છે અને તેને વાણીમાં કહેવું તે કથન છે.

તત્ત્વાર્થસૂત્રમાં સાત તત્ત્વની શ્રદ્ધા કરવાનું કહ્યું છે 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્.' તેમાં જીવ પૂર્ણ શુદ્ધ તત્ત્વ છે, પર્યાયમાં આસ્રવ બંધ છે તેને જાણવા તે અશુદ્ધનિશ્ચયનયનું કાર્ય છે. ભગવાનને પૂર્વે પર્યાયમાં આસ્રવ બંધની અસ્તિ હતી તેનો નાશ કરીને ભગવાન સિદ્ધ થયા છે—એમ જાણવું તે અશુદ્ધનિશ્ચયનય છે અને ભગવાન દ્રવ્યકર્મનું દહન કરીને સિદ્ધ થયાં છે એમ કહેવું તે અસદ્ભૂત અનુપચરિત વ્યવહારનયથી છે.

જડકર્મો જીવની પર્યાયમાં હોતાં નથી, તેની સાથે તો જીવને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, તેથી પોતાની પર્યાયમાં નહિ હોવાથી અસદ્ભૂત છે અને જડકર્મો સાથે નજીકનો સંબંધ હોવાથી અનુપચરિત કહ્યું અને વ્યવહાર એટલે નિમિત્ત. આ અસદ્ભૂત અનુપચરિતવ્યવહારનયનો અર્થ થયો.

'ભગવાને ધ્યાનાગ્નિ વડે દ્રવ્યકર્મ અને ભાવકર્મનો નાશ કરીને સિદ્ધપદ પ્રગટ કર્યું.' આ એક વાક્યમાં જુદી જુદી નય બતાવે છે કે ભગવાને ભાવકર્મનો નાશ કર્યો એમ જાણવું તે અશુદ્ધનિશ્ચયનય છે અને દ્રવ્યકર્મનો નાશ કર્યો એમ કહેવું તે અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય છે. ખરેખર ભગવાને કર્મોનો નાશ કર્યો નથી. કર્મો તો પરદ્રવ્ય છે, તેની અકર્મ અવસ્થા થઈ તેને ભગવાને નાશ કર્યો એમ વ્યવહાર નયથી કહેવાય છે.

કર્મો જીવની સાથે એકક્ષેત્રે રહેલાં છે તેથી તેની અસ્તિ કે નાશના કથનને અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય કહેવાય અને પોતાના ક્ષેત્રથી દૂરની વસ્તુમાં જીવે કાંઈ ફેરફાર કર્યો એમ કહેવું તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. પરમાં જીવ ફેરફાર ન કરી શકે છતાં કહેવું તે અસદ્‌ભૂત છે અને દૂરનો પદાર્થ છે માટે તે નયને ઉપચરિત કહેવાય છે.

સર્વજ્ઞભગવાને જાણેલી જોયેલી અને કહેલી આ વાતો સર્વજ્ઞના મત સિવાય વેદાંત, બૌદ્ધ આદિ કોઈ મતમાં નથી. ઘણાં ધ્યાનની વાતો કરે છે પણ ભગવાન આત્માના યથાર્થ જ્ઞાન વિના તેનું ધ્યાન કેવી રીતે થાય? ધ્યાન કરે તોપણ તે ધ્યાન જૂઠું છે. ભગવાન સર્વજ્ઞદેવે જેવો શુદ્ધ પૂર્ણજ્ઞાનઘનસ્વરૂપ આત્મા જોયો છે એવા આત્માનું પોતે જ્ઞાન કરે, પ્રતીતિ કરે અને પછી ધ્યાન કરે તો યથાર્થ ધ્યાન થાય છે.

ભગવાન આત્માને વસ્તુદૃષ્ટિએ જોઈએ તો તે બંધ-મોક્ષથી રહિત છે. તે શુદ્ધનિશ્ચયનયનો વિષય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, કેવળજ્ઞાન, વિકારીભાવ એ બધી પર્યાય છે. તે બધી પર્યાયો પર્યાયનયનો વિષય છે અને ત્રિકાળી અખંડ શુદ્ધ વસ્તુ છે તે શુદ્ધનયનો વિષય છે.

આમાં ત્રણ ન્યાય આપ્યાં છે. ભગવાને દરેક દ્રવ્યના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ–આ ત્રણ અંશો અનાદિ-અનંત જોયા છે. પૂર્વ પર્યાયનો નાશ થાય તે વ્યય છે, વર્તમાન પર્યાયનો ઉત્પાદ થાય તે ઉત્પાદ છે અને વસ્તુ ધ્રુવ છે. આ ધ્રુવ વસ્તુમાં ઉત્પાદ-વ્યયનો અભાવ છે માટે ધ્રુવ એવા જીવતત્ત્વમાં બંધ-મોક્ષનો અભાવ છે—એમ શુદ્ધનય જાણે છે અને પહેલાં પર્યાયમાં વિકાર હતો અને પછી નાશ કર્યો એમ અશુદ્ધનય જાણે છે તથા પર્યાયમાં મોક્ષ ન હતો તે ઉત્પન્ન થયો એ પણ પર્યાયનયનો વિષય છે.

જૈનના નામે ઘણાં લોકો ધ્યાન આદિની ખોટી ક્રિયાઓમાં જીવને ચડાવી દે છે તે જૂઠું છે એ વાત સ્પષ્ટ કરવા માટે ટીકામાં આ બધી સ્પષ્ટતા કરી છે.

આ રીતે અશુદ્ધનયથી ભાવકર્મનો નાશ કરીને અને અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી આઠ કર્મોનો નાશ કરીને, ભગવાન બન્યાં તે સિદ્ધ કેવા છે? તો કહે છે કે ભવવાન સિદ્ધપરમેષ્ઠી નિત્ય નિરંજન જ્ઞાનમય છે. શક્તિમાં જે જ્ઞાનસ્વભાવ ભર્યો હતો તે ભગવાનને પર્યાયમાં પૂર્ણરૂપે પ્રગટ થઈ ગયો તેથી એકલો જ્ઞાનસૂર્ય ઝળહળી રહ્યો છે. અનંતા ગુણોની પૂર્ણ પ્રગટ દશાને સિદ્ધદશા કહેવાય છે.

અહીં ભગવાનને નિત્ય, નિરંજન અને જ્ઞાનમય આ ત્રણ વિશેષણો આપ્યાં છે, તે પણ વેદાંત, બૌદ્ધ આદિ મતોને સમજાવવા માટે આપ્યા છે.

એકાંતવાદી બૌદ્ધ કે જે આત્માને નિત્ય નહિ માનતાં ક્ષણિક માને છે તેને સમજાવવા માટે 'નિત્ય' વિશેષણ આપ્યું છે. આત્મા દ્રવ્યસ્વભાવે નિત્ય છે અને પર્યાયે

પણ પૂર્ણ શુદ્ધ થયાં પછી કાયમ શુદ્ધ રહે છે. વસ્તુદષ્ટિએ ભગવાન આત્મા ટંકોત્કીર્ણ અર્થાત્ ઘડયાં વિનાનો સુઘટ જ્ઞાયક એકસ્વભાવી પરમ દ્રવ્ય છે.

નૈયાયિકો કે જે, જીવને મુક્ત થયાં પછી પાછાં અંજન નામ કર્મકલંક સહિત થવાનું માને છે, તેને સમજાવવા માટે અહીં સિદ્ધને 'નિરંજન' વિશેષણ આપ્યું છે. સિદ્ધ પરમાત્માને દ્રવ્યકર્મ, ભાવકર્મ કે નોકર્મનો સંયોગ હોતો જ નથી. એક વાર સિદ્ધ થયા પછી સંસારમાં અવતાર હોતો નથી. 'રાક્ષસોને મારવા અને ભક્તોને બચાવવા ભગવાન અવતાર ધારણ કરે છે' એ વાત જૂઠી છે. ત્રણકાળમાં એમ કદી બની ન શકે એ બતાવવા આ સ્પષ્ટીકરણ કર્યું છે.

જૈન નામ ધરાવનારાને પણ ઘણાંને આવા પ્રશ્નો ઊઠે છે કે બધાં જીવો મુક્ત થઈ જાય પછી શું થાય? પણ ભાઈ! જીવો તો એટલાં છે કે દર છ મહિના અને આઠ સમયમાં છસો ને આઠ જીવ મુક્ત થાય છે, તો આ અનંતકાળ વીત્યો તેમાં અનંત જીવો મુક્તિ પામ્યા તે નિગોદના એક શરીરમાં રહેલાં જીવના અનતમાં ભાગના જ છે. નિગોદના એક શરીરમાં એટલાં અનંતા જીવો છે તો પછી આખી જીવરાશિનું શું કહેવું! માટે ભાઈ! તું બીજાની ચિંતા છોડ અને તું પોતે આ સંસારમાંથી છૂટીને મુક્ત થઈ જા તેમાં તારું કલ્યાણ છે.

જૈન નામ ધરાવનારાઓમાં પણ આવા ગોટા ચાલતાં હોય છે કેમ કે કોથળીમાં કાળીજીરી ભરી હોય અને ઉપર લખ્યું હોય 'સાકર' તો કાંઈ કાળીજીરી સાકર થઈ જાય? તેમ 'જૈન' નામ ધરાવે એટલે કાંઈ જૈન થઈ જતો નથી. જેણે સર્વજ્ઞદેવે કહેલા શુદ્ધ આત્માના પ્રતીત, જ્ઞાન અને અનુભવ કર્યાં છે તેને જ ભગવાન 'જૈન' કહે છે.

—o—

[ ક્રમશઃ ]

## * ભગવાનની આજ્ઞા *

ભગવાને કહેલાં વ્યવહારનું ફળ સંસાર કહ્યો છે ને તું એ વ્યવહારથી લાભ માનીશ તો મરી જઈશ. વર્તમાન સ્વચ્છંદ સેવીને જો કાંઈપણ ભગવાનની આજ્ઞા બહાર જઈશ તો મરી જઈશ. માટે ભગવાનની આજ્ઞા માન! આત્માના આશ્રયે જ ધર્મ થાય અને રાગના આશ્રયે ધર્મ ન થાય તે અનેકાન્ત છે. નિશ્ચયથી લાભ થાય અને વ્યવહારથી પણ લાભ થાય તે એકાન્ત મિથ્યાત્વ છે. મારું કાર્ય મારાથી જ થાય અને મારું કાર્ય પરથી ન થાય તે અનેકાન્ત છે. એવી ભગવાનની આજ્ઞાથી જો બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ.

—પૂજ્ય ગુરુદેવ

# 卐 સ્વતંત્રતાના ઢંઢેરા 卐

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૮ )

આ શ્રી ઇષ્ટોપદેશની ૩૪ મી ગાથા ચાલે છે. આ ગાથામાં પૂજ્યપાદસ્વામી 'આત્માનો ગુરુ આત્મા પોતે જ છે' એમ સિદ્ધ કરે છે.

નિજ હિત અભિલાષી સ્વયં, નિજ હિત નેતા આત્મ,
નિજ હિત પ્રેરક છે સ્વયં, આત્માનો ગુરુ આત્મ. ૩૪.

જીવને જ્યારે પોતાને જ સત્‌ની અભિલાષા જાગે છે ત્યારે તેને કોઈ રોકી શકતું નથી અને જ્યારે તેને સંસારની અભિલાષા હોય ત્યારે ગુરુ આદિ કોઈ તેને મોક્ષની અભિલાષા કરાવી શકતા નથી. માટે ખરેખર આત્માનો ગુરુ આત્મા પોતે છે.

સંસારના વૈભવ, આબરૂ, કીર્તિ, પુણ્ય આદિ કે જેમાં સુખ નથી છતાં અજ્ઞાની તેમાં સુખ માનીને અભિલાષા કરે છે તેને કોણ રોકી શકે? જ્યાં પોતાને જ અંતરથી સત્‌સુખની અભિલાષા ન જાગે ત્યાં સુધી ગુરુ તેને શું કરે!

સત્‌સુખની અભિલાષા એટલે આત્માના પૂર્ણ આનંદરૂપ મોક્ષની અભિલાષાની વાત છે. મોક્ષ એક જ સુખરૂપ છે. તે સિવાય ચાર ગતિ, આબરૂ, કીર્તિ આદિ બધું દુઃખરૂપ છે અને દુઃખનું કારણ છે. બધાં પરદ્રવ્ય અને રાગાદિથી છૂટો પડીને જીવ પોતાની પૂર્ણ આનંદદશા પ્રગટ કરે તે મોક્ષ છે. તે જ સત્‌સુખ છે. એવા સત્‌સુખની અભિલાષા કરનારો આત્મા પોતે છે માટે પોતાનો ગુરુ પોતે છે.

આ જીવે અસત્ સુખમાં–કલ્પનામાં અનંતકાળ ગાળ્યો પણ, તેમાં ધૂળેય સુખ નથી. સ્વર્ગમાં, આબરૂમાં, કીર્તિમાં, સ્ત્રી-પુત્રાદિમાં, પૈસામાં, અમલદારપણામાં, પરની મોટાઈમાં ક્યાંય સુખ નથી. સુખ તો એક મોક્ષમાં છે. આમ જાણતાં જેને બધાં અસત સુખોની અભિલાષા તૂટીને એક સત્‌સુખની અભિલાષા જાગી છે તે જીવ પોતે જ પોતાનો ગુરુ છે. આવી અભિલાષા જાગે છે ત્યારે તેને ઉપદેશ આપનારાં ગુરુ નિમિત્ત કહેવાય છે પણ જેને અભિલાષા નથી, તેને ગુરુ લાખ ઉપદેશ આપે તોપણ શું? ગુરુ કાંઈ તેને સત્‌ની અભિલાષા કરાવી દેતાં નથી.

જેને સંસારના અસત્ સુખો પ્રત્યે વૈરાગ્ય જાગ્યો છે અને નિરંતર એક જ ભાવના રહે છે કે 'હું મારું સત્‌સુખ–મોક્ષસુખ કેમ પામું?' એવી ભાવનાવાળો પાત્ર જીવ આગળ ઉપાય શોધીને તેનું પ્રવર્તન કરે છે.

ત્યાગી થાય, સાધુ થાય, બ્રહ્મચારી થાય પણ જ્યાં ત્યાં ઝાંવાં નાખે કે મને મોટાઈ કેમ મળે! તો આ બધી સંસારના સુખની-મિથ્યાત્વની અભિલાષા છે. ગૃહસ્થી હોય તે વળી છોકરા મોટાં થશે, પૈસા થશે પછી સુખ થશે એમ પરમાંથી સુખ લેવાની અભિલાષા કરે છે, તે બધાં મૂઢ છે. તેને ગુરુ શી રીતે સમજાવે! બગલાંને સમજાવી શકાય તો આવાં અજ્ઞાની મૂઢને સમજાવી શકાય એમ આગળ દાખલો આવશે. પોપટને સમજાવી શકાય પણ બગલાંને સમજાવી શકાય નહિ.

જ્યારે આત્મા પોતે સ્વતઃસિદ્ધ સ્વતંત્ર એવા મોક્ષનો અભિલાષી થાય છે, ત્યારે તે મોક્ષનો ઉપાય શોધે છે અને તે શોધીને પોતે જ પોતાને મોક્ષનો ઉપાય બતાવવાવાળો બની જાય છે. અરે આત્મા! બહારમાં ક્યાંય સુખ નથી. સુખ તો આત્મામાં જ છે. બહારમાં કોઈ સુખ આપનાર નથી.

આ જીવ અનંત તીર્થંકરના સમોસરણમાં જઈ આવ્યો, અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો પણ પોતાના અંતરના શલ્ય કાઢયાં નહિ, પરમાંથી મીઠાશની બુદ્ધિ છોડી નહિ અને સત્‌સુખનો ઉપાય શોધ્યો નહિ તો તીર્થંકરાદિ તેને શું કરી શકે?

જીવ જ્યારે સ્વયં સતસુખનો અભિલાષી બને છે ત્યારે પોતે જ તેનો ઉપાય શોધે છે અને તે ઉપાયમાં પોતે જ પ્રવર્તન કરે છે. પોતે જ સ્વરૂપમાં સ્થિર થાય છે. તેને બીજું કોઈ પ્રવર્તન કરાવી દેતું નથી. સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમનારો આત્મા પોતે છે.

મોક્ષાભિલાષી આત્મા પોતે પોતાને સમજાવે છે કે 'આ મોક્ષસુખનો ઉપાય મહા દુર્લભ છે, તેનો હે દુરાત્મન્! તેં આજ સુધી કાંઈ પ્રયત્ન ન કર્યો! ચૈતન્ય મહાસાગરને જોવાનો તને આજ સુધી સમય ન મળ્યો!'

જુઓ! આમાં કર્મનો દોષ ક્યાંય લીધો નથી કે કર્મે જીવને હેરાન કર્યો. પોતે જ કર્તા થઈ પરમાં સુખની અભિલાષા રાખી હતી અને તેનો ઉપાય કરતો હતો તેથી દુઃખી થતો હતો. હવે પોતે જ કર્તા થઈને આત્માના મોક્ષસુખની અભિલાષા કરે છે અને તેનો ઉપાય કરે છે તેથી સુખી થાય છે. અનાદિથી પોતાનું સ્વાધીનપણું છોડીને પોતે જ પરાધીન થતો હતો તેને કોઈએ પરાધીન કર્યો ન હતો. તો હવે સ્વાધીન પણ પોતાની મેળે જ થાય છે, તેને કોઈ સ્વાધીન બનાવતું નથી.

આઠ-આઠ વર્ષના રાજકુમારો દીક્ષા લેવા ચાલી નીકળે છે. અહા! શું તેમનો વૈરાગ્ય! હજી તો પરણ્યાં નથી, સંસારના સુખ જોયાં નથી પણ વૈરાગ્યનો પાર નથી. બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા તેને નડતી નથી, તે જાણે છે કે અમારો સ્વભાવ જ અમને અનુકૂળ છે અને અમારી ઊંધાઈ જ અમને પ્રતિકૂળ છે.

મોક્ષસુખ માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી--એમ કલ્યાણનો અભિલાષી પોતે પોતાને કલ્યાણનો ઉપાય બતાવે છે અને પોતે

તેમાં પ્રવર્તન કરે છે માટે પોતાનો ગુરુ પોતે છે. નિજગુરુ નિજને સમજાવે છે કે અરે ભાઈ! ચાર ગતિના દુઃખથી તારી કેડ હજુ ભાંગી નથી! તને દુઃખ આકરું નથી લાગતું! તારું સુખ તારામાં છે પણ તેં બહારમાં સુખ માટે ઝાંવા નાખ્યાં. હવે ત્યાંથી પાછો વળ અને સ્વભાવનું સુખ પ્રગટ કર! આમ પોતે પોતાના હિતની પ્રેરણા કરે છે. માટે પોતે જ પોતાનો ગુરુ છે.

આમ સાંભળીને શિષ્ય પ્રશ્ન કરે છે કે મહારાજ! આપે તો ગુરુના ઉપદેશનું શ્રવણ, ગુરુની સેવા, સત્સંગ આદિ બધું ઉડાવી દીધું તો પછી કોઈ કોઈની સેવા નહિ કરે, ગુરુ પાસે જશે નહિ અને ગુરુની સેવા–સત્સંગ આદિ કરશે નહિં. આવું તમારાથી ન કહેવાય કેમ કે એમ માનવાથી તો બહુ ગડબડ ઊભી થશે. અપસિદ્ધાંત થઈ જશે. બધાં સ્વચ્છંદી થઈ જશે.

આમ આક્ષેપ કરનાર શિષ્યને ગુરુ ગાથા દ્વારા ઉત્તર આપે છે.

મૂર્ખ ન જ્ઞાની થઈ શકે, જ્ઞાની મૂર્ખ ન થાય,
નિમિત્તમાત્ર સૌ અન્ય તો, ધર્મ દ્રવ્યવત્ થાય. ૩૫.

તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિને અયોગ્ય એવા અભવ્ય આદિ જીવોને ધર્માચાર્યાદિક હજાર ઉપદેશ આપે તોપણ તે તેને પ્રાપ્ત કરી શકતાં નથી.

જેને અંતરમાં આત્મા સમજવાની દરકાર જ નથી, પાત્રતા નથી, પરથી જુદાં પડવાનો વૈરાગ્ય નથી અને સ્વભાવની અસ્તિની રુચિ નથી તેને ગુરુ શું કરે? જેના પેટમાં ઝેર હોય તેને દૂધ પીવડાવો તો ઝેર ઉતરે નહિ, દૂધ પણ ઝેર થઈ જાય તેમ જેને અંતરમાં પરની રુચિ પડી છે તેને ગુરુ આત્માની રુચિ કરાવી શકતાં નથી.

કોઈ પણ કાર્યની ઉત્પત્તિ કરવા માટે સ્વાભાવિક ગુણની અપેક્ષા હોય છે, બીજાં કોઈ અનુકૂળ નિમિત્તો તે કાર્ય કરાવી શકતાં નથી. જેમ પોપટને પઢાવવાથી તે પઢે છે કેમ કે તેનામાં એવી યોગ્યતા છે પણ ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં બગલાંને કોઈ પઢાવી શકતું નથી કેમ કે તેનામાં એવો ગુણ નથી.

જેમ સ્વયં ગતિ કરતાં જીવ-પુદ્ગલને ધર્મદ્રવ્ય નિમિત્ત થાય છે તેમ સ્વયં પોતાની પાત્રતાથી જીવ સમ્યક્દર્શન-જ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે ગુરુને નિમિત્ત કહેવાય છે. કાર્ય તો પોતાના સ્વાભાવિક ગુણના પુરુષાર્થથી જ થાય છે નિમિત્તથી નહિ.

આમ, પોતાની પાત્રતા વગર ગુરુના ઉપદેશથી ધર્મ પરિણમતો નથી એટલે કે અજ્ઞ-મૂર્ખને જ્ઞાન કરાવી શકાતું નથી અને જે તત્ત્વજ્ઞાની હોય તેને કોઈ અજ્ઞાની કરી શકતું નથી. કોઈ અજ્ઞાની એમ માને કે હું એવી વાત કરું કે જેથી જ્ઞાની પણ અજ્ઞાની

થઈ જાય તો આ વાત ત્રણકાળમાં બની શકતી નથી કેમ કે, પોતાના પુરુષાર્થથી જે વાત સમ્યક્-શ્રદ્ધામાં બેઠી હોય તેને કોઈ કરોડો ઉપાય વડે પણ ફેરવી શકતું નથી.

અહીં તો સ્વતંત્રતાના ઢંઢેરા પીટાય છે, ત્રણકાળમાં કોઈ જ્ઞાનીના જ્ઞાનને અજ્ઞાન કરી શકે નહિ અને અજ્ઞાનીને જ્ઞાની કરી શકે નહિ. પોતાની લાયકાતથી સમજે અને શ્રદ્ધા કરે તેને કોણ રોકી શકે અને પોતાની ઊંધાઈથી આડા પડે તેને પણ કોણ રોકી શકે ?

અહીં પદ્મનંદી પંચવિંશતિના શ્લોકનો આધાર આપ્યો છે કે એવો કોઈ મોટો વજ્રપાત થાય કે નિંદાના પ્રહાર પડે કે જેના ભયથી ગભરાયેલા લોકો માર્ગ છોડીને આમથી તેમ ભટકવા લાગે એવાં વજ્રપાતથી પણ અતુલ શાંતિ સંપન્ન યોગીગણ યોગથી (ધ્યાનથી) ચલાયમાન થતાં નથી. આખી દુનિયા ડોલાયમાન થઈ જાય પણ મુનિરાજ પોતાની એકાગ્રતાથી ડગતા નથી માટે જ્ઞાનીને કોઈ અજ્ઞાની કરવા સમર્થ નથી.

આ ગાથામાં 'ગુરુથી જ્ઞાન થાય' એવા વ્યવહારનો પક્ષ ઢીલો પડી જાય છે એમ શિષ્યની આશંકા છે. પણ ખરેખર તો નિશ્ચય જેને પ્રગટ થાય તેને ગુરુના બહુમાન આદિનો ભાવ-વ્યવહાર આવ્યા વગર રહેતો નથી એ વાત આગળ કહેશે. નિશ્ચયની સાથે વચ્ચે વ્યવહાર આવે જ. સ્વયં ગતિ કરતાં જીવ-પુદ્ગલને ધર્માસ્તિકાયનું નિમિત્ત હોય જ, તેમ સ્વયં પુરુષાર્થ કરતાં જીવને ગુરુનું નિમિત્ત હોય જ. અને એ પુરુષાર્થી જીવને ગુરુનું બહુમાન-વિનય આદિના ભાવ પણ હોય જ છે.

આ ૩૫મી ગાથા પણ બહુ ઉંચી છે. આ ગાથા ઉપરથી આપણે પહેલેથી કહીએ છીએ કે નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે. આચાર્ય પૂજ્યપાદસ્વામી આવો ઇષ્ટ ઉપદેશ કરે છે. આ જ ઇષ્ટ ઉપદેશ છે. નિમિત્તથી થાય અને નિમિત્ત ન હોય તો કાર્ય ન થાય એવો ઉપદેશ ઇષ્ટ નથી. એવું વસ્તુનું સ્વરૂપ જ નથી.

ચૈતન્યહીરો ચૈતન્યપ્રકાશથી ભરેલો છે તેના જ્ઞાનપ્રદીપથી એટલે જ્ઞાનદીવાના પ્રકાશથી મોહરૂપી મિથ્યા અંધકારનો નાશ થઈ જાય છે. ગુરુના ઉપદેશથી, મંદકષાયથી કે કર્મો નષ્ટ થવાથી મિથ્યા અંધકાર નષ્ટ થતો નથી. એક જ્ઞાનસૂર્યથી મોહાંધકાર નષ્ટ થાય છે.

ભગવાન આત્મામાં તો જ્ઞાન અને આનંદનું રાજ છે. વીર્ય પોતાનો પ્રતાપ-બાદશાહી જાળવી રાખે છે, તે વીર્યના સામ્રાજ્યમાં બીજા કોનો પ્રવેશ હોય! જ્ઞાન, આનંદ, સુખ, વીર્યસ્વરૂપ પ્રભુ પોતે જ છે તેને બહાર શરીરાદિમાં સુખ શોધવા જવું પડે તેમ નથી છતાં ભ્રમણાથી જીવ 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' એમ મિથ્યા કલ્પના કરી રહ્યો છે. પણ જેણે જ્ઞાનપ્રદીપ વડે આવી મિથ્યા કલ્પનાનો નાશ કર્યો છે તેને તેની શ્રદ્ધાથી કોઈ ડગાવી શકતું નથી.

જેને અંદરથી શ્રદ્ધા, જ્ઞાન, આનંદનું જોર છે તેને બહારમાં અગ્નિની વર્ષા થાય કે વજ્રપાત થાય કે નિંદાના પ્રહાર થાય પણ તે પોતાના શ્રદ્ધા–જ્ઞાનથી ડગતા નથી અને જેને અંદરનું જોર નથી એવા અજ્ઞાની ભયભીત થઈને ભાગવા લાગે છે.

અહીં કોઈને શંકા થાય છે કે આમાં તો નિમિત્તોનું નિરાકરણ થઈ જાય છે એટલે નિમિત્ત વિના ચાલે નહિ અને નિમિત્ત હોય તો જ કાર્ય થાય એ વાતનું આમાં ખંડન થઈ જાય છે, તેના ઉત્તરમાં અહીં મુનિરાજ કહે છે કે પોતાના હિત–અહિતના કાર્યમાં ગુરુ તથા શત્રુ આદિ તો નિમિત્તમાત્ર છે. ચૈતન્ય પ્રભુ પોતે જ પોતાને શરણરૂપ છે, હિતરૂપ છે, ત્યાં ગુરુ શું હિત કરે? અને પોતે પોતાના અજ્ઞાનભાવથી વેરભાવ ઊભો કરે ત્યાં શત્રુ શું કરે? ગુરુ અને શત્રુ આદિ તો નિમિત્તમાત્ર છે.

પ્રકૃત કાર્યના ઉત્પાદમાં તથા વિધ્વંસમાં અન્ય દ્રવ્ય માત્ર નિમિત્ત છે. વાસ્તવમાં કોઈ કાર્ય થવામાં કે બગડવામાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક છે.

પંચાધ્યાયમાં એક શ્લોકમાં આવે છે કે દરેક દ્રવ્ય સ્વયં સત્ છે. સ્વયંથી બગડે છે અને સ્વયંથી સુધરે છે તેમાં તેને કોઈ ચીજની જરૂર નથી. ખોટા સંગથી બગડે અને સારા સંગથી સુધરે એ વ્યવહારનું કથન છે. ઘડો કુંભારથી બને છે અને ઘડાને સાચવીને ન રાખે તો તૂટે છે એ વાત ખોટી છે. પોતપોતાની યોગ્યતાથી જ સર્વ કાર્ય થાય છે. આ બધી દુનિયાની માન્યતાથી ઊંધી વાતો છે તે જેમ છે તેમ સમજવી પડશે.

[ક્રમશઃ]

—o—

## 卐 અપૂર્વ પુરુષાર્થ 卐

અંદરમાં જ્ઞાન ને આનંદની વજ્રની ભીંત પડી છે, એની સન્મુખ તારી પર્યાયને જોડી દે! એ અપૂર્વ પુરુષાર્થ છે. એ ધ્રુવ તત્ત્વને સ્વીકારતાં તારી પર્યાય નિર્મળ થઈ જશે, એ જ અપૂર્વ જીવન છે. બહારનું આ બધું ધન–કુટુંબ–વૈભવ આદિ મળે તે કાંઈ અપૂર્વ જીવન નથી. બહારમાં ધન–વૈભવ કે માન–સન્માનમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટાવીને તારા ચૈતન્યસ્વભાવમાં સર્વસ્વ માનવવાનું છે. એક જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયકની રુચિ હોય તેને પુરુષાર્થ અંદર વળ્યા વિના રહે જ નહિ. અંદર ઊંડાણમાં અનંત અનંત ગુણ રત્નાકરનો સાગર છે ત્યાં પર્યાયને લઈ જતાં વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. અંદર જતાં આનંદની શેડ ફૂટશે–ફુવારા છૂટશે માટે ભાઈ! તું અંદર જા!

—પૂજ્ય ગુરુદેવશ્રી

# 卐 વૈરાગ્યજનની : બાર ભાવના 卐

[શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

બાર ભાવનામાં આ લોકભાવનાનું વર્ણન છે. ખરેખર આ લોકભાવના કોણ ભાવી શકે? કે લોકને જેવો સ્વભાવ છે તેવો જાણવાનો મારા જ્ઞાનનો સ્વભાવ છે—એમ સ્વપર પ્રકાશક જ્ઞાનસ્વભાવની જેને પ્રતીત થઈ હોય તેને આવી યથાર્થ ભાવના હોય છે. આ ભાવના સંવર અને નિર્જરાનું કારણ છે, તે સમ્યગ્દષ્ટિને જ હોય છે. સ્વપર પ્રકાશક સામર્થ્યની પ્રતીત પૂર્વક લોકનું સ્વરૂપ ચિંતવતાં જ્ઞાનની સ્થિરતા વધે ને વીતરાગતાની વૃદ્ધિ થાય તેનું નામ ભાવના છે; જે રાગ છે તે ખરેખર ભાવના નથી. સર્વજ્ઞના જ્ઞાનમાં લોક પ્રત્યક્ષ છે ને સમકિતી સાધકના જ્ઞાનમાં લોક પરોક્ષ છે. આ બાર ભાવનાઓ કેવી છે? કે ભવ્યજીવોને આનંદની જનની છે. અહો! મારો જે જ્ઞાન-સ્વભાવ તેની પ્રતીત પૂર્વક જિનવચનમાં કહેલા વસ્તુસ્વરૂપની ભાવના કરવી તે ભવ્ય-જીવોને આનંદની જનની છે.

જગતના છ દ્રવ્યો કેવા કેવા સ્વભાવે છે તેનું જ્ઞાનીને ભાન તો થયું છે, પછી વિશેષ ભાવના કરે છે તેનું આ વર્ણન છે. આ સંસારમાં જીવ અનાદિથી મિથ્યાત્વાદિ દોષોથી રખડે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે રત્નત્રય છે તેના વડે જીવ ભવનો પાર પામે છે, તેથી રત્નત્રયસ્વરૂપ આત્મા જ ઉત્તમ તીર્થ છે. ધ્રુવસ્વભાવના અવલંબને ધર્મીને રત્નત્રયપર્યાયમાં વૃદ્ધિ થતી જાય છે ને રાગાદિ ટળતાં જાય છે એ રીતે રત્નત્રય-રૂપ દિવ્ય નૌકા વડે જીવ સંસારથી તરે છે. માટે તે જ ઉત્તમ તીર્થ છે.

આ સંસાર તે જીવની પર્યાયમાં થતો ઔદયિકભાવ છે. ચિદાનંદ ધ્રુવસ્વભાવના અવલંબનમાં એકાગ્ર થતાં રત્નત્રય પ્રગટીને ઔદયિકભાવની ઉત્પત્તિ જ થતી નથી. આવા રત્નત્રય સંયુક્ત જીવ પોતે જ ઉત્તમ તીર્થ છે. આવા રત્નત્રયરૂપી તીર્થ વિના બીજા કોઈ તીર્થથી સંસારનો અંત આવતો નથી. દ્રવ્યને લક્ષમાં રાખીને આ ભાવનાઓનું વર્ણન છે.

શ્રીમદ્દે આ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષાને વૈરાગ્યનો ઉત્તમ ગ્રન્થ કહ્યો છે. પણ વૈરાગ્ય કોને હોય? કે જેને વસ્તુનું ભાન હોય તેને, સ્વભાવ સામર્થ્યની પ્રતીતિ કરીને તેમાં વળ્યા વિના પરથી યથાર્થ વૈરાગ્ય હોતો નથી. જીવનો સંસાર કાંઈ બહારમાં રહેતો નથી પણ જીવની પર્યાયમાં વિકારભાવ તે જ સંસાર છે, તે સંસારને દુઃખદાયક ખરેખર કોણે માન્યો કહેવાય? કે તે સંસારના અભાવસ્વરૂપ એવા ત્રિકાળી સ્વભાવને પ્રતીતમાં લ્યે તો સંસારને દુઃખરૂપ માન્યો કહેવાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી તરાય છે તેથી તે રત્નત્રય તીર્થ છે અને તે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે આત્મા તરે છે તેથી આત્મા જ ઉત્તમ

તીર્થ છે. વિકાર વડે તરાતું નથી, તેમજ શરીરાદિ પરદ્રવ્યો તો ભિન્ન છે. તેનાથી પણ તરાતું નથી. વળી રત્નત્રયરૂપે પરિણમેલો જીવ બીજા પાત્ર જીવોને પણ તરવાનું નિમિત્ત થાય છે. તે જીવ ઉત્તમ તીર્થ છે. આવા તીર્થના ભાનપૂર્વક સમ્મેદશિખર વગેરે તીર્થોની યાત્રાનો ભાવ આવે તે નિમિત્ત તરીકે તીર્થ છે.

જ્યાં છ દ્રવ્યો દેખાય છે તે લોક છે. તેમાં રહેલા જીવતત્ત્વનું સ્વરૂપ કેવું છે? તેની આ વાત ચાલે છે. જગતમાં જીવ જ ઉત્તમ તીર્થ છે. તેનો આશ્રય કરતાં પુણ્ય–પાપની ઉત્પત્તિ ન થાય માટે જીવને ઉત્તમ તીર્થ જાણીને તેનો આશ્રય કરવો તે ધર્મ છે.

હવે જીવના ત્રણ ભેદો કહે છે—

**जीवाः भवन्ति त्रिविधाः बहिरात्मानः तथा च अंतरात्मानः च ।**
**परमात्मानः अपि च द्विविधाः अर्हन्तः यथा च सिद्धः च ॥ १९२ ॥**

અર્થ:—બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એવા ત્રણ પ્રકારના જીવો છે. વળી પરમાત્મા પણ અરહંત તથા સિદ્ધ એમ બે પ્રકારથી છે. ૧૯૨.

સ્વભાવે બધા જીવો સરખા હોવા છતાં તેની પર્યાયમાં વિવિધતા અને ભેદ છે. એવો જ લોકસ્વભાવ છે. જગતમાં પરમાત્મા જ છે ને બીજું કાંઈ નથી એમ કોઈ માને તો તેમ નથી. લોકના જીવો સાધક જ રહેશે, કદી પૂર્ણ નહિ થાય એમ પણ નથી, અને જગતમાં એકલા બાધક જીવો જ રહેશે એમ પણ કદી નહિ બને.

પૂર્ણતાને પામેલા પરમાત્મા જગતમાં અનાદિ અનંત છે. અંતરાત્મા સાધક જીવો પણ અનાદિથી જ છે ને બહિરાત્મા પણ અનાદિથી જ છે. જગતમાં કાંઈ પહેલા પછી નથી, બધું સામાન્યપણે અનાદિ અનંત છે. એક જીવની અપેક્ષાએ સંસારનો નાશ ને મોક્ષની શરૂઆત એમ હોઈ શકે, પણ જગતમાં મોક્ષની શરૂઆત નવી નથી થઈ, અનાદિથી સંસારમાં રખડનારા જીવો છે. તેમજ સાધક જીવો અને પરમાત્મદશાને પામેલા જીવો પણ અનાદિથી જ છે ને નવા નવા પણ થતા જાય છે.

પરમાત્મા બે પ્રકારના છે. સિદ્ધ અને અરિહંત. લોકમાં અનંતા સિદ્ધો છે અને અરિહંતો પણ કાયમ લોકમાં બિરાજે છે. લોકમાં કદી પણ અરિહંતનો વિરહ હોતો નથી, ભરતક્ષેત્રમાં અત્યારે વિરહ છે. પણ આ તો લોકની ભાવના છે, લોકમાં તીર્થંકરો ન હોય એવું કદી પણ ન બને. જુઓ જગતમાં જે સત્ પદાર્થો છે તેને ધર્મીજીવ જ્ઞાનનું જ્ઞેય બનાવે છે. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે ને પદાર્થોનો જ્ઞેય થવાનો સ્વભાવ છે.

લોકમાં ત્રણ પ્રકારના આત્મા છે. તેમાં બહિરાત્માનું સ્વરૂપ કહે છે.

**मिथ्यात्वपरिणतात्मा तीव्रकषायेन सुष्ठुआविष्टः ।**
**जीवं देहं एकं मन्यमानः भवति बहिरात्मा ॥ १९३ ॥**

અર્થ:—જે જીવ મિથ્યાત્વકર્મના ઉદયરૂપે પરિણમ્યો હોય, તીવ્ર કષાય અનંતાનુબંધીથી સુષ્ઠુ એટલે અતિશય વડે યુક્ત હોય અને એ નિમિત્તથી જીવને તથા દેહને એક માનતો હોય તે જીવને બહિરાત્મા કહીએ છીએ. ૧૯૩.

ચૈતન્યસ્વરૂપ ભગવાન તે અંતરસ્વરૂપ છે, તેને છોડીને મિથ્યાભાવથી દેહાદિ બાહ્ય વસ્તુને પોતાનું સ્વરૂપ માને છે, તે જીવ બહિરાત્મા છે. મિથ્યાત્વકર્મનો ઉદય તો નિમિત્ત છે. ખરેખર જીવ પોતે પોતાના મિથ્યાભાવને લીધે બહિરાત્મા થાય છે. તે જીવ કેવો છે? મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયને લીધે દેહ અને જીવને એક માને છે. દેહને અને જીવને એક માનવાનું કહ્યું તેમાં 'દેહ' કહેતાં કાર્મણ શરીર પણ આવી ગયું ને તે કર્મના નિમિત્તે થયેલા શુભાશુભ ભાવો પણ ખરેખર તો કર્મ તરફના વલણ વાળા ભાવો છે, તે પણ જીવનો સ્વભાવ નથી. આત્મા તો દેહથી ભિન્ન કેવળ ચૈતન્ય-સ્વરૂપ છે. એવા ચૈતન્યસ્વરૂપને જે જીવ નથી માનતો, ને પર્યાય પૂરતું અસ્તિત્વ માને છે તથા તે પર્યાય પરને લીધે થાય એમ માને છે તે જીવને પરની સાથે એકતાની બુદ્ધિ છે. વર્તમાન પર્યાયને ત્રિકાળી સ્વદ્રવ્યમાં એક ન કરતાં પર તરફ વાળીને તેનાથી લાભ માને છે તે જીવ બહિરાત્મા છે.

જેનાથી લાભ માને તેને પોતાનું માન્યા વિના રહે નહિ, દેહની ક્રિયાથી જેણે લાભ માન્યો તેણે દેહને જ આત્મા માન્યો છે. ચિદાનંદસ્વભાવમાં સુખ છે એમ ન માનતાં બહારનાં વિષયોથી સુખ માન્યું તેણે સ્વભાવને પોતાનો નથી માન્યો પણ પરને પોતાનું માન્યું છે. પર તે જ હું છું એમ માન્યા વિના પરથી સુખ માને નહિ. મારે લીધે પરની પર્યાયનું અસ્તિત્વ છે ને પરને લીધે મારી પર્યાય થાય છે એમ જે માને તેને પર સાથે એકતાબુદ્ધિ છે. તે ઊંધી માન્યતા મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના ભાવ વગર હોય નહિ. જેને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી તે જીવ દેહાદિથી માંડીને સમસ્ત પર દ્રવ્યોમાં અહંકાર–મમકાર કરે છે, તે બહિરાત્મા છે. શિખંડ અને કેરીમાં સુખ છે–એમ જે માને છે, તે બહિરાત્મા છે. કેરી મીઠી છે એમ જાણ્યું, પણ ત્યાં "આમાં મારું સુખ છે" એ વાત ક્યાંથી લાવ્યો? તે તો મિથ્યાદૃષ્ટિની કલ્પના છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ઉદય તે નિમિત્ત છે, ને જીવની પોતાની ઊંધી યોગ્યતાથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના ભાવ થાય છે તે નૈમિત્તિક છે, નિમિત્ત અને નૈમિત્તિકનો કાળભેદ નથી, પણ ભાવભેદ છે. કોઈના કારણે કોઈની પર્યાય નથી, આવું ભિન્નપણું અજ્ઞાની જાણતો નથી.

કેરીના રસની મીઠી પર્યાય છે, તે તો સ્વભાવ છે ને તેને જાણવાનો જીવનો સ્વભાવ છે પણ ત્યાં "આ મને ઠીક" એમ માને છે તે અજ્ઞાનીની મિથ્યા કલ્પના છે. તે મિથ્યા કલ્પના કેરીએ કરાવી નથી. પોતે મિથ્યા કલ્પના કરી, તેમાં કેરી નિમિત્ત કહેવાયું. ક્યારે?

કે અહીં નૈમિત્તિક છે ત્યારે, નિમિત્ત-નૈમિત્તિકનો એક જ સમય હોવા છતાં બન્ને સ્વતંત્ર
છે. કેરીના રસનો આત્મામાં અત્યંત અભાવ છે, તો તેના કારણે આત્મામાં કાંઈ થાય એમ
બને નહિ. અભાવ કહેવો અને વળી તેનાથી કાંઈ થાય એમ કહેવું તે વાત વિરુદ્ધ છે.

જડ વસ્તુ કદી પોતાની થાય નહિ પણ સ્વભાવને સાધીને કેવળજ્ઞાન અલ્પકાળમાં
થાય, એવો પોતાનો સ્વભાવ છે. અનંત કાળથી શરીરને પોતાનું માન્યું છતાં એક રજકણ
પણ પોતાનો થયો નથી. તે તો અશક્ય છે અને રાગને અનાદિથી પોતાનું સ્વરૂપ માનીને
રાખવા માગે છે પણ પહેલા સમયનો રાગ કદી બીજા સમયે રહેતો નથી. ધ્રુવ ચિદાનંદ
સ્વભાવ તે પોતાનો છે તેનો વિશ્વાસ કરે તો નિર્મળદશા પ્રગટીને સાદિ અનંત કાળ
સુધી એમ ને એમ ટકી રહે માટે ખરેખર તે જ સુલભ છે પણ સ્વભાવની રુચિથી કદી
અભ્યાસ કર્યો નથી તેથી કઠણ લાગે છે. અંદર વસ્તુસ્વરૂપનો નિર્ણય જોઈએ.

અજ્ઞાનીઓ કહે છે કે "માટીમાંથી ઘડો એની મેળે થઈ જતો નથી. કુંભાર કરે તો
થાય છે." પણ ભાઈ! વિચાર તો કર કે કુંભારની હાજરી વખતે પણ ઘડાનો ઉત્પાદ
થાય છે તે માટીમાંથી થાય છે કે કુંભારથી? માટીના પરમાણુઓમાં સમયે સમયે ઉત્પાદ
થઈ રહ્યો છે. કુંભાર નિમિત્ત છે, પણ કઈ પર્યાયનું નિમિત્ત? જે પર્યાય થઈ છે તેનું
નિમિત્ત? કે જે પર્યાય થઈ નથી તેનું નિમિત્ત? જે પર્યાય થઈ તેનું નિમિત્ત છે, તો
તેમાં કુંભારે શું કર્યું? માટીના પરમાણુઓ દ્રવ્ય છે કે અદ્રવ્ય? દ્રવ્ય છે, તો તે દ્રવ્ય
પોતાની પર્યાયમાં દ્રવ્યું છે? કે કુંભાર દ્રવ્યો છે? દ્રવ્ય હોય તે સમયે સમયે પોતાની
પર્યાયને દ્રવે છે. ઘડાની પર્યાયપણે પરમાણુઓ દ્રવ્યા છે. કુંભાર તેમાં દ્રવ્યો નથી,
કુંભાર નિમિત્ત ભલે હો, પણ તે કુંભારના હાથનો માટીની પર્યાયમાં અભાવ છે, તેણે
માટીમાં કાંઈ પણ કર્યું નથી.

ભિન્ન ભિન્ન વસ્તુસ્વરૂપના ભાન વિના અનંતવાર દ્રવ્યલિંગી સાધુ થયો, કેવળી
પ્રભુની ધર્મસભામાં ગયો, છતાં કલ્યાણ ન થયું, પોતાના ઉપાદાનની તૈયારી વિના નિમિત્ત
શું કરે? ને સત્ સમજવાની પોતાની પાત્રતા હોય ત્યાં સતનું નિમિત્ત જ હોય. ભાઈ!
તું જ્ઞાતા છો ને પર દ્રવ્યો તો તારું જ્ઞેય છે. તેને બદલે જ્ઞેય પદાર્થો સાથે તું એકતા
માને છે તે મિથ્યાબુદ્ધિ છે. બે પદાર્થો છે તે બે પણે ભિન્ન ભિન્ન વર્તે છે. કોઈની
પર્યાયમાં બીજો વર્તતો નથી છતાં બહિરાત્મા પર પદાર્થો સાથે એકતા માનીને
તેનાથી પોતાને લાભ-નુકશાન માને છે.

આ પ્રમાણે બહિરાત્માનું સ્વરૂપ જાણવું.

હવે અંતરાત્માનું સ્વરૂપ કહે છે.

ये जिनवचने कुशलाः भेद जानंति जीव देहयो ।
निर्जितदुष्टाष्टमदाः अंतरात्मानः च ते त्रिविधाः ॥ १९४ ॥

અર્થ:—જે જિનવચનમાં પ્રવીણ છે, જીવ અને દેહમાં ભેદ (ભિન્નતા) જાણે છે અને જેણે આઠ મદ જીત્યા છે, તે અંતરઆત્મા છે અને તે ઉત્કૃષ્ટ, મધ્યમ તથા જઘન્ય ભેદથી ત્રણ પ્રકારના છે. ૧૯૪.

જેને અંતરાત્મપણું પ્રગટે તેને વીતરાગી જિનવચનો જ નિમિત્ત હોય, બીજું નિમિત્ત ન હોય, માટે કહ્યું કે અંતરાત્મા જીવ જિનવચનમાં પ્રવીણ હોય છે. જિનવચનમાં જે ભાવ કહ્યો છે તેવા ભાવમાં તે પ્રવીણ છે, બધા થઈને એક આત્મા છે—એમ માનતો હોય તેવા જીવને અંતરાત્મદશા હોઈ શકે નહિ. જિનવચનમાં કહ્યા પ્રમાણે "દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન" જેને વર્તે છે તેવા જીવને અંતર આત્મદશા હોય છે. તેને દેહથી ભિન્ન ચૈતન્યસ્વભાવની દૃઢતા હોય છે, તેણે આઠ મદ જીતી લીધા છે. સ્વભાવની દૃઢતા થતાં પરનો અહંકાર હોતો નથી. આવા અંતરાત્મા ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય એવા ત્રણ પ્રકારના છે.

જિનવચનનો ભલા પ્રકારે અભ્યાસ કર્યો ક્યારે કહેવાય? કે દેહથી ભિન્ન ચૈતન્યસ્વભાવને જાણીને તેની પ્રતીત કરે ને દેહાદિનું અભિમાન છોડે. જીવ હોય તો દેહની ક્રિયા થાય-એમ માનનાર બહિરાત્મા છે. આપણે સાક્ષી રહીને પરના કામ કરવા એમ માનનાર પણ મૂઢ છે, પરનું કાંઈ કરી શકતો નથી છતાં કરવાનું માન્યું તે જ મૂઢતા છે. જેને ભિન્ન ચિદાનંદ આત્માની અસ્તિનું ભાન થયું તે જાતિ-કુળ વગેરેનો પોતામાં અભાવ માને છે તેથી તેને જાતિમદ-કુળમદ વગેરે હોતા નથી. આવા જીવને અંતરાત્મા જાણવો. મારી તો જ્ઞાનની જાત છે, દેહની જાત તે મારી નથી, એમ જાણે તેને દેહનો અહંકાર રહેતો નથી. [ક્રમશઃ]

—૦—

## 卐 પરની મોટપ છોડ! 卐

અરે ભાઈ! તારી મોટપ છે તે તને ભાસતી નથી તેથી તું બીજાને મોટપ દેવા જાય છે. તારું તત્ત્વ જેવડું મોટું છે તે તને બેસતું નથી તેથી તું બીજાને મોટપ દેવા જાય છે. તારા તત્ત્વની મોટપ ભાસતી નથી તેથી તું રાગના વ્યવહારને મોટપ દેવા જાય છે. નિમિત્તને મોટપ દેવા જાય છે, પણ ભાઈ! પરની મોટપના ભાવમાં તારી મોટપ હણાતા મિથ્યાત્વનું મહાન દુઃખ તને થાય છે, તેનું તને ભાન નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# એક જ ઉપાદેય : કારણપરમાત્મા

[ શ્રી નિયમસાર ગાથા ૩૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

શુદ્ધ કારણપરમાત્મા ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિકભાવથી અગોચર છે.

કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે ને મુનિઓને તથા ધર્મી જીવને આત્મા જ ઉપાદેય છે. સાત તત્ત્વોનો રાગ સહિત વિચાર કરવો તે ખરેખર ઉપાદેય નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય તો કારણપરમાત્મા શુદ્ધ આત્મા છે. તે જ મુનિને ઉપાદેય છે, તેમાં મુનિ કેવા હોય તે વાત પણ આવી ગઈ. હવે આત્મા કોને કહેવો તે વાત કહે છે.

"ઔદયિક આદિ ચાર ભવાંતરોને અગોચર હોવાથી જે કારણ પરમાત્મા તે ખરેખર આત્મા છે."

આત્મામાં ધર્મદશા કયા ભાવના આશ્રયે થાય છે તે વાત બતાવે છે. ચિદાનંદ એકરૂપ શુદ્ધ પરમપારિણામિક સ્વભાવભાવવાળો આત્મા છે. ઔદયિકાદિ ચાર પરમ-પારિણામિકભાવથી અન્ય છે માટે તે ચાર ભાવોને ભાવાંતર કહ્યા છે ને આ ચાર ભાવો તે પરમપારિણામિકભાવ નથી એટલે પરમપારિણામિકભાવ આ ચારની અપેક્ષાએ ભાવાંતર કહેવાય છે. એમ અરસપરસ સમજવું.

(૧) ઔદયિકભાવ :—દયા–દાનાદિના ભાવ, હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ, સાચા દેવ–શાસ્ત્ર–ગુરુ આદિની ભક્તિના ભાવ, પાંચ મહાવ્રતનાં કે બાર વ્રતનાં વિકલ્પો, શાસ્ત્ર-સ્વાધ્યાય, પૂજા ભક્તિના ભાવો–એ આદિ ઔદયિક ભાવો છે. તે ભાવોથી વિકારનો અનુભવ થાય છે પણ તેનાથી આત્માનો અનુભવ થતો નથી. જે ભાવથી તીર્થંકર નામ-કર્મ બંધાય કે સ્વર્ગાદિના ભવો મળે તે બધા શુભભાવ છે, ઔદયિક ભાવ છે, શુભના પરિણામમાં બંધ પડે છે, ધર્મ થતો નથી. માટે ઔદયિક ભાવથી આત્મા અગોચર છે.

(૩) ઔપશમિક ભાવ :—ઔપશમિકભાવ આત્માની નિર્મળ પર્યાય છે. તે કર્મના ઉપશમની અપેક્ષા રાખે છે. પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન થાય છે. તે શુદ્ધ સ્વભાવના લક્ષે થાય છે. તે ઉપશમ સમ્યગ્દર્શન થયા પછી પણ ઉપશમ સમકિતના આધારે સમકિત વધતું નથી તેમ જ ચારિત્ર થતું નથી. ઉપશમભાવ વીતરાગી પરિણામ હોવા છતાં પર્યાય છે. પર્યાયના લક્ષે રાગ ઉત્પન્ન થાય છે. તેના વડે અભેદ થઈ આગળ વધાતું નથી, નિર્મળ પર્યાયમાંથી નિર્મળ પર્યાય આવતી નથી. ઉપશમ સમકિતના આધારે ઉપશમ ચારિત્ર અથવા બીજું ચારિત્ર પ્રગટતું નથી. ઉપશમ સમકિત કે ઉપશમ ચારિત્રનો આધાર

તો પરમપારિણામિકભાવ છે. ઉપશમભાવ પર્યાય હોવાથી તેના લક્ષે રાગની ઉત્પન્ન થાય છે. તે અપેક્ષાએ ઉપશમભાવથી આત્મા અગોચર કહ્યો છે.

(૩) **ક્ષાયોપશમિકભાવ:**—ધર્મીની ક્ષયોપશમભાવરૂપ આત્માની નિર્મળ પર્યાય છે, પણ તેમાં નિર્મળતા ઓછી છે, કાંઈક મલિન ભાવ છે. તેનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન થતું નથી, વધતું નથી, તેમ જ ચારિત્ર થતું નથી, કારણ કે તે અવસ્થા છે. અવસ્થામાંથી અવસ્થા થતી નથી. શુદ્ધભાવના આધારે જ સમ્યગ્દર્શન ને ચારિત્ર થાય છે. ક્ષયોપશમભાવના લક્ષે વિકલ્પ ઊઠે છે, ધર્મ થતો નથી, તેથી ક્ષયોપશમભાવથી આત્મા અગોચર કહ્યો છે.

(૪) **ક્ષાયિકભાવ:**—ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર, ક્ષાયિક જ્ઞાન, ક્ષાયિક વીર્ય, વગેરે ક્ષાયિકભાવ છે. ક્ષાયિકભાવથી આત્મા અગોચર છે. ચોથે ગુણસ્થાને કેટલાક સમકિતી જીવને ક્ષાયિક સમકિત હોય છે પણ ક્ષાયિક સમકિતના આધારે ચારિત્ર પ્રગટતું નથી કારણ કે તે પર્યાય છે. પર્યાયના લક્ષે રાગ ઉત્પન્ન થાય છે. અભેદમાં ઠરાતું નથી. બારમે ગુણસ્થાને ક્ષાયિક ચારિત્ર છે પણ ક્ષાયિક ચારિત્રની પર્યાયના આશ્રયે આગળ વધાતું નથી. તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન (ક્ષાયિકજ્ઞાન) છે. સાધક જીવને વર્તમાનમાં કેવળજ્ઞાન પ્રગટ નથી ને જે પ્રગટ નથી તેનો વિચાર કરતા રાગ થાય છે, અભેદ સ્વભાવમાં લીન થવાતું નથી. વળી કેવળજ્ઞાન થયા પછી પણ કેવળજ્ઞાનની પર્યાયમાંથી કેવળજ્ઞાન પર્યાય પ્રગટતી નથી કારણ કે કેવળજ્ઞાન અંશ છે, અંશમાંથી અંશ આવતો નથી પણ અંશી એવો શુદ્ધસ્વભાવ જ બધી નિર્મળ પર્યાયનો આધાર છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત વીર્ય, અનંત આનંદ એ અનંત ચતુષ્ટય આદિ અનંતકાળ સુધી રહે છે તેનો આધાર શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે. ક્ષાયિકભાવની પર્યાય તેનો આધાર નથી. ક્ષાયિકભાવ વીતરાગી પર્યાય છે છતાં પર્યાયમાંથી પર્યાય આવતી નથી. તેમ જ ક્ષાયિકભાવ વર્તમાન પ્રગટ નહિ હોવાથી તેનો વિચાર કરતાં વિકલ્પ ઊઠે છે. આ અપેક્ષાએ ક્ષાયિકભાવથી આત્મા અગોચર છે એમ કહ્યું છે.

**ઔદયિકાદિ ચાર ભાવોના આશ્રયે ધર્મ થતો નથી.**

દેવ-શાસ્ત્ર-ગુરુના નિમિત્તથી, શરીરથી કે કર્મના મંદ ઉદયથી તો ધર્મ થતો નથી, દયા-દાનાદિના શુભભાવ–ઔદયિકભાવથી પણ ધર્મ નથી, ઉપશમ ક્ષયોપશમ ક્ષાયિકભાવ જે વીતરાગી પર્યાયો છે તેના આધારે પણ ધર્મ થતો નથી કારણ કે તે પર્યાયો છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી. ત્રિકાળી પરમ પારિણામિક સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે ચાર ભાવોના આશ્રયે ધર્મ થતો નથી. ત્રિકાળીની અપેક્ષાએ એક સમયની પર્યાયને અનેરી કહી છે. સામાન્યની અપેક્ષાએ વિશેષભાવ અનેરો છે, વિશેષભાવની અપેક્ષાએ સામાન્યભાવ પણ અનેરો છે. પરમ પારિણામિકભાવની અપેક્ષાએ ચાર ભાવો અનેરા છે, ને ચાર

ભાવોની અપેક્ષાએ પરમપારિણામિક ભાવ અનેરો છે માટે અનેરા ભાવોના આશ્રયે ધર્મ ન થાય પણ એકરૂપ પારિણામિકભાવના આશ્રયે ધર્મ થાય છે.

**દૃષ્ટિ ક્ષાયિકભાવને પણ સ્વીકારતી નથી, એકલા પરમપારિણામિકભાવને જ સ્વીકારે છે.**

કેટલાક અજ્ઞાની જીવો નિમિત્તથી, સંહનનથી ને પુણ્યથી ધર્મ માને છે. મનુષ્યભવ હોય તો કેવળજ્ઞાન થાય, કોઈ કહે છે કે વ્યવહારનું પાલન કરીને પણ જીવો મોક્ષે જાય, પણ એ બધી માન્યતા અજ્ઞાનભાવ છે.

અહીં મુનિરાજે ઘણી સ્પષ્ટ વાત કરી છે. શરીર, મન, વાણી તો પર છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પર છે, ઔદયિકાદિ ભાવો પણ પર્યાયો હોવાથી પરદ્રવ્ય છે. વીતરાગતાની ખાણ નિમિત્ત નથી, વીતરાગતાની ખાણ શુભભાવ નથી. વીતરાગતાની ખાણ એક સમયની પર્યાય નથી. વીતરાગતાની ખાણ પરમપારિણામિક સ્વભાવ જે એકરૂપ છે તે જ છે. તેનાં આશ્રયે સમકિત, ચારિત્ર, શુકલધ્યાન, કેવળજ્ઞાન, વીતરાગી આનંદ, પરમ સુખ, અનંત વીર્યાદિ પ્રગટે છે. અહીં દૃષ્ટિનો વિષય બતાવ્યો છે. દૃષ્ટિ નિમિત્ત, પુણ્ય તેમ જ એક સમયના પર્યાયને સ્વીકારતી નથી. દૃષ્ટિ ક્ષાયિકભાવ કે જે પરિપૂર્ણ શુદ્ધ પર્યાય છે તેને પણ સ્વીકારતી નથી. દૃષ્ટિ એક પારિણામિકભાવને જ સ્વીકારે છે. અહો! મુનિરાજે ચારે ભાવોથી આત્મા અગોચર કહીને વાત ઘણી જ અદ્‌ભુત કહી છે. અનાદિ અનંત આ એક જ મોક્ષનો માર્ગ છે. "એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ" ત્રણે કાળે મોક્ષની રીત એક જ છે. આ જ રસ્તે અનંતા મોક્ષે ગયા. અત્યારે જાય છે ને ભવિષ્યમાં જશે.

**અજ્ઞાની જીવ નિશ્ચય અને વ્યવહાર-બન્નેને ઉથાપે છે, જ્ઞાની બન્નેને યથાર્થ સ્થાપે છે.**

શાસ્ત્રમાં કથન આવે કે ક્ષાયિક સમકિત તીર્થંકર કે શ્રુતકેવળીની સમીપે થાય. અજ્ઞાની માની લ્યે કે તેનાથી સમકિત થાય છે, પણ એમ નથી, તેનાથી સમકિત થતું હોય તો તેમની સમીપે બેઠેલા બધાને થવું જોઈએ. પાત્ર જીવ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ કરે છે ત્યારે શ્રુતકેવળી અથવા કેવળીની હાજરી હોય છે.

વળી ઉપશમ સમકિત પ્રગટ કરે તે જીવ પર્યાપ્તિવાળો હોય, સંજ્ઞી પંચેન્દ્રિય હોય વગેરે પ્રકારે શાસ્ત્રમાં લખાણ આવે છે તે નિમિત્તનું જ્ઞાન કરવા માટે છે. બધાં સંજ્ઞીને થતું નથી પણ જે જીવ પ્રગટ કરે છે તે સંજ્ઞી વગેરે પ્રકારે હોય છે તે નિમિત્તનું જ્ઞાન કરાવે છે. જે જીવ વ્યવહારને જ પરમાર્થરૂપ માની લ્યે તે વ્યવહાર તથા પરમાર્થ બન્નેને ઉડાડે છે, જ્યારે જ્ઞાની બન્નેને જેમ છે તેમ સ્થાપે છે. પોતાના સ્વભાવના આશ્રયે સમકિત

પ્રગટ થાય તે નિશ્ચય છે ને ત્યારે સાચા દેવ ગુરુ નિમિત્ત છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

**જેના આધારે કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે તે કારણપરમાત્મા કેવો છે?**

ચાર ભાવોથી આત્મા અગોચર છે એમ કહ્યું. હવે તે આત્મા કેવો છે?—કારણ-પરમાત્મા કે જેમાંથી કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે તે કેવો છે? તે બતાવે છે.

'(કારણપરમાત્મા) દ્રવ્યકર્મ ભાવકર્મ અને નોકર્મરૂપી ઉપાધિથી જનિત વિભાવ-ગુણપર્યાય વિનાનો છે તથા અનાદિ અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળો શુદ્ધ સહજ પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.'

કારણપરમાત્મામાં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મનો અત્યંત અભાવ છે. તે દયા-દાનના પરિણામથી રહિત છે, તેમાં અશુદ્ધતા કે મલિનતા નથી, શરીર, મન, વાણી વગેરે નોકર્મથી તે રહિત છે. વળી તે વિભાવગુણ-પર્યાય વિનાનો છે. વળી તે કેવો છે? તેને આદિ નથી તેમ જ અંત નથી. અનાદિ અનંત એકરૂપ નિત્યસ્વભાવ છે. તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી તેમ જ ઇંદ્રિયોથી જણાય તેવો તે નથી. વળી તેનો સ્વભાવ કેવો છે? પવિત્ર છે. નિત્ય સાથે રહેલો છે. એકરૂપ સદૃશ શક્તિ જેનો સ્વભાવ છે એવો કારણ-પરમાત્મા છે. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય પણ શુદ્ધ છે. એવો શુદ્ધ પરમ પારિણામિકભાવ તેનો સ્વભાવ છે. જેમ ગોળ સ્વભાવવાન છે ને ગળપણ તેનો સ્વભાવ છે. તેવી રીતે કારણપરમાત્મા સ્વભાવવાન છે ને શુદ્ધ પરમપારિણામિકભાવ તેનો સ્વભાવ છે. આવો પરમપારિણામિક ભાવવાળો કારણપરમાત્મા છે. કારણપરમાત્મા કહો, શુદ્ધ ચૈતન્યસ્વભાવ કહો, ચિદાનંદ ભગવાન કહો, નિરુપાધિ સ્વભાવ કહો, તે એક જ છે. સમ્યગ્દર્શનનો વિષય, દ્રવ્યદૃષ્ટિનો વિષય કારણપરમાત્મા છે ને તે ખરેખર આત્મા છે ને તે જ ઉપાદેય છે. એટલે કે તેનો જ આશ્રય કરવા જેવો છે.

**ત્રિકાળી 'શુદ્ધભાવ'વાળા કારણપરમાત્માના આધારે 'નિયમસાર' એટલે મોક્ષમાર્ગ પ્રગટે છે.**

અહીં કારણપરમાત્માને જ ખરેખર આત્મા કહ્યો છે. પુણ્ય-પાપના ભાવને તો આત્મા કહ્યો નથી. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ભાવોને પણ આત્મા કહ્યો નથી કારણ કે તે એક સમયની પર્યાય છે. તે ભાવો વ્યવહારનયનો વિષય છે. તે પર્યાયોથી રહિત અનાદિ અનંત એકરૂપ, સદૃશ શક્તિવાળો શુદ્ધ સ્વભાવ-કારણપરમાત્મા તે નિશ્ચયનયનો વિષય છે. તેવા આત્માને શ્રદ્ધવો ને અનુભવવો યોગ્ય છે. ચૈતન્યશક્તિસ્વરૂપ કારણપરમાત્માના આધારે નિયમસાર એટલે મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. આ શુદ્ધભાવ અધિકાર છે. ત્રિકાળી શુદ્ધભાવના આધારે સમ્યગ્દર્શન પ્રગટ થઈ, મોક્ષમાર્ગ પ્રગટી, મોક્ષદશા થાય છે.

**અતિ આસન્નભવ્ય જીવને ત્રિકાળી શુદ્ધસ્વભાવ એક જ ઉપાદેય છે. બીજું કાંઈ ઉપાદેય નથી.**

અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. શુદ્ધ પરમપારિણામિક સ્વભાવ ભાવરૂપ કારણપરમાત્મા અથવા શુદ્ધ ચૈતન્યસ્વભાવ અથવા પોતાના પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. નિમિત્ત ને પુણ્ય તો અંગીકાર કરવા જેવા નથી પણ ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવો એક સમયની પર્યાયો છે તે પણ આદરણીય નથી. ધ્રુવસ્વભાવ એક જ શ્રદ્ધામાં લેવ જેવો છે. નિમિત્તો, શુભરાગની પર્યાય, નિર્મળ પર્યાય વગેરે જ્ઞાન કરવા માટે છે પણ આદરણીય નથી. શેરડીનો ઉપલો ને નીચલો ભાગ કાઢતાં વચલો ભાગ રસકસવાળો હોય છે. તેમ જેને મોક્ષની રુચિ છે, જેની મુક્તિ નજીક છે તેવા મોક્ષાર્થી જીવોને રાગરહિત પોતાનો ત્રિકાળી શુદ્ધસ્વભાવ એક જ શ્રદ્ધા કરવા યોગ્ય છે. પોતાના આત્માનો બીજો કોઈ અધિષ્ઠાતા નથી માટે નિજપરમાત્મા કહેલ છે.

હવે ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :—

[ શ્લોકાર્થ:- ] સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે અને જે કલેશોદધિનો કિનારો છે, તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે. ૫૪.

જે શુદ્ધ આત્માના આશ્રયે સુખ પ્રગટ થઈ સમસ્ત કલેશનો અંત આવે છે તે શુદ્ધ આત્મા કેવો છે?

આ શ્લોકમાં શુદ્ધ આત્મા જયવંત વર્તે છે એમ કહે છે, કેવો છે શુદ્ધ આત્મા?

(૧) સાત તત્ત્વોમાં શુદ્ધ જીવતત્ત્વ એક જ સાર છે, બીજું કોઈ સાર નથી, સંવર, નિર્જરા, મોક્ષ સારરૂપ નથી કારણ કે તે એક સમયની પર્યાય છે તેના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે માટે તે સાર નથી. પરમપારિણામિકભાવવાળું જીવતત્ત્વ એક જ સાર છે.

(૨) વળી તે શુદ્ધ આત્મા સમસ્ત નાશ પામવા યોગ્ય ભાવોથી દૂર છે. ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એ બધા નાશ પામવા યોગ્ય ભાવો છે. તેનાથી શુદ્ધ આત્મા દૂર છે. ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ ભાવો તો નાશ પામે છે પણ ક્ષાયિક-ભાવને નાશ પામવા યોગ્ય કહેવાનું કારણ એ છે કે કેવળજ્ઞાન અથવા સિદ્ધદશાની પર્યાયો ભલે પ્રવાહરૂપે સાદિઅનંત કાળ રહે છે તોપણ એક પર્યાયનો કાળ એક સમયનો છે, એક સમયે એક, બીજે બીજી એમ સમયે સમયે પલટી જાય છે તેથી નાશ પામવા યોગ્ય છે એમ કહ્યું છે. પરમપારિણામિકભાવ એકરૂપ અનાદિ અનંત રહે છે માટે ક્ષાયિક વગેરે ચાર ભાવોથી શુદ્ધ આત્મા દૂર છે એમ કહ્યું છે.

(૩) કામ—પરપદાર્થની ઇચ્છા; ત્રિકાળી શુદ્ધ આત્માનો આશ્રય લેતાં પર તરફના વલણનો નાશ થાય છે. ધ્રુવ સ્વભાવના આશ્રયે કાર્ય થાય છે એમ કહી શુદ્ધ ધ્રુવ સ્વભાવની મહિમા બતાવે છે.

(૪) જેમ કુહાડો મૂળમાંથી વૃક્ષને છેદે છે તેમ શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય લેવાથી મિથ્યાત્વાદિરૂપ પાપ મૂળમાંથી છેદાય છે, જે ફરી ઊગતું નથી. વૃક્ષના માત્ર પાંદડાં તોડે તો તે ફરી ઊગે પણ મૂળમાંથી છેદે તો તે ફરી ઊગતું નથી તેમ અહીં શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય કરવાથી સંસાર મૂળમાંથી નાશ પામે છે કે જેથી શુભ તથા અશુભભાવરૂપી પાંદડા ફરી ઊગતાં નથી.

(૫) શુદ્ધ સ્વભાવના આશ્રયે નવું યથાર્થ જ્ઞાન પ્રગટે છે, જાણે કે ચૈતન્યનો પિંડ આત્મા નવો જન્મ્યો હોય એમ કહી ચૈતન્ય ત્રિકાળી સ્વભાવને જ શુદ્ધ જ્ઞાનનો અવતાર કહ્યો છે.

(૬) પરમપારિણામિકભાવવાળા નિજકારણપરમાત્માની દૃષ્ટિ કરવાથી અવિનાશી સુખ પ્રગટ થાય છે. નિમિત્તની, વિકારની, અધૂરી પર્યાયની રુચિ છોડો ને અંતર સહજાનંદ સ્વભાવ છે તેની રુચિ કરી એકાગ્રતા કરો એમ કહેવાનો ભાવ છે. જેમ બહુ વરસાદ આવવાથી નદીઓમાં પૂર વહે છે અથવા દરિયામાં પાણીના લોઢ ઊછળે છે એમ અહીં ચૈતન્યસ્વભાવમાં દરિયાની જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ વગેરે અનંતા ગુણો ઊછળી રહ્યા છે, તેમાં એકાગ્રતા કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.

(૭) દયા, દાન, કામ, ક્રોધ આદિ ભાવો કલેશ છે. શરીરમાં સુખ છે, પુણ્યથી ધર્મ થાય, નિમિત્તથી લાભ થાય વગેરે ઘણા પ્રકારે અજ્ઞાનીને પર્યાયબુદ્ધિ ફાટી રહી છે તે બધો કલેશનો દરિયો છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય લેતાં પર્યાયબુદ્ધિરૂપી કલેશનો અંત આવી જાય છે.

શુદ્ધ આત્માને ઘણાં વિશેષણ વડે ઓળખાવ્યો પછી ને કહે છે કે શુદ્ધ આત્મા જયવંત વર્તે છે. જેને ભાન થયું છે, જેને અનુભવમાં વર્તી રહ્યો છે તે મુનિરાજ કહે છે કે શુદ્ધ આત્મા જયવંત વર્તે છે. કહેવાનો સાર એ છે કે નિમિત્તની, શુભરાગની, એક સમયની નિર્મળ પર્યાયની પર્યાયબુદ્ધિ છોડ ને ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ કરી સ્વભાવબુદ્ધિ કર.

અજ્ઞાની જીવો પૈસામાં, મોટરમાં, લાડવામાં વગેરે અનેક પ્રકારે સુખ માની રહ્યા છે, તે રાગ છે ને તેમાં આકુળતા છે. સ્વભાવનું લક્ષ ચૂકી પરમાં સુખ છે એવી માન્યતા કરવાથી પર્યાયમાં આકુળતા થાય છે. તે આત્માની એક સમયની વિકૃતદશા છે. આકુળતા તે અનાકુળ સ્વભાવનું વિકૃતરૂપ છે. આત્મા તે વિકૃતદશા રહિત છે. પુણ્ય–

પાપમાં જીવ ગુંચવાઈ ગયો છે, તેથી શુદ્ધ સ્વભાવ દેખાતો નથી. આત્મા પુણ્ય-પાપની પર્યાયથી રહિત, શુદ્ધ અનાકુળ સ્વભાવી સુખસાગર એવો ને એવો બિરાજી રહ્યો છે. ચૈતન્યદરિયો જ્ઞાન, દર્શન, સુખ વગેરે અનંતા ગુણોથી ઊછળી રહ્યો છે. તેમાં સુખનાં પૂર વહી રહ્યા છે. માટે સંયોગોની ને નિમિત્તની રુચિ છોડ, પુણ્ય-પાપની રુચિ છોડ, એક સમયની પર્યાયની રુચિ છોડ ને સંયોગોથી રહિત, પુણ્ય-પાપથી રહિત એક સમયની પર્યાય જેટલો નહિ પણ અનાદિ અનંત શુદ્ધ એકરૂપ પરમપારિણામિક સ્વભાવભાવવાળો કારણપરમાત્મા બિરાજી રહ્યો છે તેની દષ્ટિ કર, તેની શ્રદ્ધા કર, તેનો આશ્રય કર તો સમ્યગ્દર્શન પ્રગટ થઈ, સુખદશાને પામીશ એમ કહેવાનો આશય છે–એવો શુદ્ધ આત્મા જયવંત વર્તે છે. [ ક્રમશઃ ]

—૦—

## વૈરાગ્ય સમાચાર :—

* ગોંડલનિવાસી શ્રી સમરતબેન ખોડીદાસ ( વર્ષ–૮૦ ) તા. ૨૮–૧૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણો સમય સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* લીંબડીનિવાસી શ્રી વિજયાબેન ન્યાલચંદભાઈ પાણસણાવાળા ( વર્ષ–૮૫ ) તા. ૧૧–૧–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાગપુરનિવાસી શ્રી કાંતાબેન મહાસુખલાલ અજમેરા ( વર્ષ–૬૦ ) તા. ૧૭–૧–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્રિક અને બહુ ભક્તિવાળા હતા.

* અમરેલીવાળા શ્રી પ્રભુદાસભાઈ વૃજલાલ મહેતા ( વર્ષ–૬૩ ) માગશર વદ ૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી શ્રી પ્રભાબેન જૈન ખંડવાવાળા ( વર્ષ–૯૦ ) તા. ૧૬–૧–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષોથી સોનગઢ રહીને લાભ લીધો હતો.

* ગઢડાવાળા ( હાલ સોનગઢ ) સમતાબેન ( વર્ષ–૭૮ ) તા. ૧૭–૧–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષોથી સોનગઢ રહીને લાભ લીધો હતો.

* રાજકોટનિવાસી ( હાલ–મુંબઈ ) શ્રી અમૃતલાલભાઈ નાનાલાલભાઈ જસાણી ( વર્ષ–૯૩ ) તા. ૨૦–૧–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલા આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણમાં શીઘ્ર આત્મ–અનુભવ પામો એ જ ભાવના.

# પરમ હિતોપદેશક : તીર્થંકર સર્વજ્ઞ ભગવાન

[ શ્રી સમાધિતંત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**તીર્થંકર ભગવાન અઢાર દોષ રહિત છે ને હિતોપદેશક છે.**

પહેલાં શ્લોકમાં સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા. પછી તેમની વાણીને નમસ્કાર કર્યા. શરીર સહિત અર્હંત ભગવાનના વિશેષણોના ખુલાસા કર્યા. ઘાતિકર્મશત્રનો નાશ કર્યો તે વ્યવહારથી કથન છે. પોતાના કારણે ભાવઘાત થતો હતો તેમાં ઘાતિકર્મ નિમિત્ત કહેવાતા હતા. સ્વભાવના ભાન લીનતા દ્વારા ઘાતિકર્મનો નાશ કર્યો તેથી અઢાર દોષ રહિત છે. ક્ષુધા, તૃષા, રોગ આદિ તેમને હોતા નથી. જેને ઘાતિકર્મ બાકી છે ને જે આહાર લ્યે છે ને રોગ માટે દવા લ્યે છે—એવા દેવને જે માને છે તે અર્હંતનું સ્વરૂપ જાણતા નથી. અનંત આનંદનો અનુભવ કરનારા અર્હંત ભગવાનને ઇચ્છા હોતી નથી. જે ભગવાનને રોગ માને, ક્ષુધા માને તે અર્હંતને માનતા નથી. ભગવાન કેવી રીતે આહાર લ્યે? કોની પાસે લેવા જાય? વળી પ્રેરણા વિના કવલ લેવાનું બનતું નથી. અર્હંત ભગવાન ૧૮ દોષ રહિત છે. વળી શિષ્યને સંબોધીને વ્યાખ્યાન આપવું એમ કહે છે પણ કેવળીને વ્યક્તિગત સંબોધન હોતું નથી. વળી ત્રણકાળને જાણે છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને પ્રત્યક્ષ જાણે છે. ગણધર ગૌતમ ક્યારે આવશે ને ક્યારે વાણી છૂટશે તે બરાબર જાણે છે. જે સમયે જે પર્યાય થવાની હોય તે થાય છે તેમ ભગવાન જાણે છે. એક સમયમાં ત્રણ કાળના દ્રવ્યોને ભિન્ન ભિન્ન જાણે છે, ને ભવિષ્યની પર્યાયને જાણી લ્યે છે. સર્વજ્ઞતા વિદ્યમાન છે, તેઓ સર્વજ્ઞ શક્તિના આલંબનથી સર્વજ્ઞ થયા છે. મારો સ્વભાવ સર્વજ્ઞ થવાનો છે એમ નિર્ણય કરવો તે પુરુષાર્થ છે, તે જ વીર્યની સ્ફુરણા છે.

વળી ભગવાન હિતોપદેશ આપનારા છે. રાગ, દ્વેષ, નિમિત્તથી હઠી ચૈતન્યસ્વભાવના અવલંબને સર્વજ્ઞતા ને વીતરાગતા પ્રગટ કરો! એવો ઉપદેશ નીકળ્યો તે પરમ હિતનો ઉપદેશ છે. અર્હંત ભગવાનને ભાવમોક્ષ થયો છે. તેની વાણીમાં એમ આવ્યું કે સંગ, ભેદભંગનો આશ્રય છોડી અસંગ અભેદ આત્માનો આશ્રય કર! એમ ઉપદેશ આવે છે. રત્નકરંડશ્રાવકાચારમાં કહેલ છે કે ભગવાન વીતરાગ સર્વજ્ઞ તથા હિતોપદેશક છે. તે જ શિવ ને મહાદેવ છે. ચાર ઘાતિકર્મો નાશ કર્યા છે, જડ કર્મથી ને ભાવકર્મથી રહિત થયા તે વીતરાગ સર્વજ્ઞ હિતોપદેશક છે. તે જ શિવ ને મહાદેવ છે.

અર્હંતની વાણીનો ઉપકાર છે. તેથી તેમને પહેલાં નમસ્કાર કરેલ છે. વળી સન્માર્ગના સ્થાપક છે માટે વિધાતા છે. ધર્મની આદિ કરનાર બ્રહ્મા વિધાતા છે, તે જ પરમાત્મા છે

ને વિધાતા છે. વળી બધા ચરાચર પદાર્થને જાણનાર વિષ્ણુ છે. આમ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ત્રણે કહ્યા. જગતમાં લોકો કહે છે તેવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ નથી.

વળી ભગવાન સુગત છે–બુદ્ધ છે. પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું ને પૂર્ણ માર્ગનો ઉપદેશ આપ્યો તે તીર્થંકર છે, તે સુગત છે. જે બુદ્ધ કહેવાય છે તે ક્ષણિક માનતા હતા, તે આત્માને કાયમી માનતા ન હતા, તેથી તે ગૃહિત મિથ્યાદૃષ્ટિ છે. જૈન પરમેશ્વર એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે. તેની વાણીમાં આવ્યું કે તારામાં સર્વજ્ઞ શક્તિ છે, તેના આશ્રયથી તું સર્વજ્ઞ થઈશ. જૈન પરમેશ્વરને બીજાની સાથે સરખા માને તે મિથ્યાદૃષ્ટિ છે. પૂર્ણ વીતરાગ થયા ને સર્વજ્ઞ થયા તથા પર્યાયની સામર્થ્યતા પ્રગટી ને વીતરાગતા તથા સર્વજ્ઞતા બતાવે તેવી દિવ્યધ્વનિ છૂટી એ જ પ્રભુ છે. "હું મારો પ્રભુ ને તું પરમેશ્વર તારો" એમ જેની વાણી નીકળી તે વીતરાગની વાણી છે. અન્યમતોએ બ્રહ્મા, શંકર આદિનું સ્વરૂપ બતાવ્યું વાસ્તવિક શિવ અથવા અર્હંત ન હોઈ શકે. જે બહારથી વિક્રિયા બતાવે તેથી શું થયું? જેની દિવ્યશક્તિ પ્રગટ થઈ તે દેવ છે. બ્રહ્માએ જગતને બનાવ્યું, વિષ્ણુએ જગતનું રક્ષણ કર્યું ને શંકરે જગતને નાશ કર્યો, બૌધ ક્ષણિક માને છે તે બધા રાગ, દ્વેષ, મોહાદિકનો સદ્‌ભાવ બતાવે છે.

હવે ગ્રંથકાર ગ્રંથના પ્રતિપાદ્ય વિષયને બતાવે છે.

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तः करणेन सम्यक् ।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये ॥३॥**

પરમાત્માને નમસ્કાર કર્યા પછી પૂજ્યપાદ સ્વામી કે જેઓ જંગલમાં આનંદમાં મસ્ત રહેતા હતા, પંદર પંદર દિવસના ઉપવાસ કરતા હતા, હાથમાં નિર્દોષ આહાર લેતા હતા, જેના પગ દેવોથી પૂજ્ય છે તેથી પૂજ્યપાદ કહેવાય છે. કુંદકુંદઆચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, સમંત ભદ્રાચાર્ય, પૂજ્યપાદ આદિ મુનિઓએ કેવળજ્ઞાનના બીજ રોપ્યા છે. અલૌકિક અચિંત્ય સ્વરૂપ આગમ દ્વારા કહ્યું છે. આ સમાધિશતક ભાવનાનો ગ્રંથ છે, તેથી શુદ્ધ સ્વરૂપની વાત વારંવાર કરે છે. જેમ ખાવામાં રોજ રોટલા, દાળ, ભાત, શાક હોય છે તેમાં કંટાળો આવતો નથી તેમ શુદ્ધ આત્માના અનુભવની વાતમાં કંટાળો આવવો જોઈએ નહિ. તારો આત્મા શુદ્ધ આનંદકંદ છે, તેવાં શ્રદ્ધા–જ્ઞાન કરવાથી કેવળજ્ઞાન થશે. તેથી શુદ્ધાત્માની ભાવના વારંવાર કરાવે છે. વળી કર્મમળ રહિત આત્માનું શુદ્ધ સ્વરૂપ શાસ્ત્ર દ્વારા, અનુમાન–હેતુ દ્વારા તથા એકાગ્ર થઈ અનુભવ દ્વારા કહીશ. (૧) શાસ્ત્રથી કહીશ, (૨) યુક્તિથી કહીશ તથા (૩) અનુભવથી આત્માની વાત કરીશ. આમ ત્રણ વાત કરી.

અતીન્દ્રિય આનંદની ઇચ્છાવાળા શ્રોતાને કહીશ.

કોને કહીશ?—શ્રોતા કેવા છે? જે કેવળજ્ઞાનની ઇચ્છાવાળા છે તેને કહીશ. અતીન્દ્રિય આનંદસ્વભાવી આત્માના અનુભવની ઇચ્છા છે તેને કહીશ. અતીન્દ્રિય સુખની ઇચ્છા રાખવાવાળા શ્રોતાને કહીશ! લાડુના સુખ નહિ, શીખંડના સુખ નહિ, દેવના સુખ નહિ. પુણ્ય કરી ભગવાન પાસે જઈશ એવી ઇચ્છા નહિ પણ અતીન્દ્રિય આનંદની ઇચ્છાવાળા શ્રોતા છે. હું અભવી હોઇશ કે ભવી એવી શંકાવાળા નથી. સર્વજ્ઞપદના અતીન્દ્રિય આનંદની ઇચ્છાવાળા શ્રોતા છે. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્રની શ્રદ્ધાવાળા છે. વળી નિમિત્તને છોડનાર કે લાવનાર નથી. રાગને લાવનાર કે છોડનાર નથી, પણ અતીન્દ્રિય આનંદની ઇચ્છાવાળા છે. જે શ્રોતા અનંત સંસારની શંકાવાળો છે તેને અતીન્દ્રિય સુખની ઇચ્છા નથી, પણ સંસાર સુખની ઇચ્છા છે. અતીન્દ્રિય આનંદની ઇચ્છાવાળાને અતીન્દ્રિય આનંદ પૂર્ણ પ્રગટ થયેલા દેવની શ્રદ્ધા છે, અતીન્દ્રિય આનંદ અંશે પ્રગટ કરેલા ગુરુની શ્રદ્ધા છે તથા અતીન્દ્રિય આનંદ બતાવનારા શાસ્ત્રની શ્રદ્ધા છે એવા શ્રોતાને કહીશ.

શુભ ભાવનું ફળ ઘણીવાર મળી ગયું છે, તે અપૂર્વ નથી પણ અતીન્દ્રિય આનંદ અપૂર્વ છે, તેની કેમ પ્રાપ્તિ થાય એવો હિત ઉપદેશ કહીશ. તારી પર્યાયમાં અતીન્દ્રિય સુખ નથી પણ અતીન્દ્રિય આનંદની ઇચ્છા છે, તે અતીન્દ્રિય આનંદ તારામાં ભર્યો છે, તેના આશ્રયે વિકાર પલટી અતીન્દ્રિય આનંદ પ્રગટ થશે. કર્મ પણ કર્મના કારણે પલટશે. કોઈ કહે કે બૈરા–છોકરાં છોડી નિવૃત્તિ લઈ લ્યો તો આનંદ આવશે! ના. તે સાચો ઉપાય નથી. અતીન્દ્રિય આનંદ વર્તમાનમાં નથી પણ સ્વભાવમાં આનંદ ભર્યો છે, તેના આશ્રયે વિકાર પલટી આનંદ પ્રગટ થશે. જે બહારથી બૈરા છોકરાં આદિ છોડવા માગે છે તે ઉપાય સાચો નથી. અતીંદ્રિય આનંદ ભર્યો છે તેની રુચિ કરનારને ઇંદ્રિય સુખની રુચિ છૂટી જશે, તે જ ઉપાય છે. આત્મા નિવૃત–તત્ત્વ છે. શરીર, મન, વાણી, કર્મ અભાવસ્વરૂપ છે. તેનો અભાવ કરવા માગે છે તે મૂઢ છે. અજ્ઞાની બૈરા છોકરાં મકાન આદિ છોડાવવા માગે છે તેને ખબર નથી. અહીં કહે છે કે અતીન્દ્રિય સુખની ઇચ્છા છે તેને હું કહીશ. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે :—

'કામ એક આત્માર્થનું બીજો નહિ મન રોગ' પુણ્યનું કામ નથી, બીજી ઇચ્છા નથી. આત્માનું પ્રયોજન સુખ છે, બીજું પ્રયોજન નથી. વર્તમાન પુણ્યનું સુખ દેખાય છે તેની રુચિ છૂટીને અતીન્દ્રિય સુખની અભિલાષા થઈ છે તેને સમાધિશતક સંભળાવીશ. આ પાત્રતા બતાવે છે. વર્તમાન પર્યાયમાં દુઃખ છે, સ્વભાવમાં સુખ છે, વિકાર રહિત આનંદની અભિલાષા છે, તેને પર્યાય પલટી અતીન્દ્રિય આનંદ કેમ પ્રાપ્ત થાય તે વાત કહીશ.

વળી કહે છે કે મારી છઠ્ઠા ગુણસ્થાનકની ભૂમિકા અનુસાર અથવા લાયકાત અનુસાર

કહીશ. કેવળી ભગવાન પૂર્ણ કહી શકે. આચાર્ય સાધક છે તેથી યથાશક્તિ કહીશ તેમ કહે છે.

ભાવાર્થ:—ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર એ છે કે નિમિત્ત, સંયોગ અને પુણ્ય પાપની દૃષ્ટિ છોડી સ્વભાવની દૃષ્ટિ કર. એમ લક્ષમાં આવે તેનો જન્મ સફળ છે. જે રાગાદિ કરી પરનું લક્ષ કરે છે તે નિષ્ફળ છે. પછી તે બાહ્યથી મુનિ થયો હોય તો પણ નિષ્ફળ છે. જેને અંતરનું લક્ષ છે તે સફળ છે. અહીં શુદ્ધાત્મ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. શુદ્ધતાનું જ્ઞાન થતા અશુદ્ધતાનું જ્ઞાન થઈ જાય છે. સ્વનું જ્ઞાન થતાં પરનું જ્ઞાન થઈ જાય છે. તારી અવિકારી દશા થાય છે તે અંતરમાંથી આવે છે, માટે પુણ્ય પાપની દૃષ્ટિ છૂટી જવી જોઈએ. હવે શુદ્ધતાનું સ્વરૂપ કહીશ. કુંદકુંદાચાર્ય કહે છે કે અમારા ગુરુએ શુદ્ધાત્માનો ઉપદેશ અનુગ્રહ પૂર્વક આપ્યો છે. વર્તમાન અશુદ્ધતા ને નિમિત્તરૂપે કર્મ છે તે તે જાણવામાં છે પણ શુદ્ધાત્માની વાત અપૂર્વ છે.

હજુ વિકારની સ્વતંત્રતાની ખબર નથી તેને શુદ્ધાત્માની વાત બેસે નહિ. પંચાસ્તિકાયમાં છ કારક વિકારના લીધા છે. વિકારનો કર્તા આત્મા છે, વિકાર પોતાનું કર્મ છે, વિકારનું સાધન પોતે છે, પોતા માટે વિકાર કરી પોતાને આપે છે, પોતાની પૂર્વ પર્યાય બદલી નવો વિકાર કરે છે ને પોતાના આધારે કરે છે.–એમ છ કારક નિરપેક્ષ છે એમ નિશ્ચય કરે તો વ્યવહારનું જ્ઞાન સાચું; પણ નિરપેક્ષનો નિર્ણય ન કરે તો વ્યવહારનું જ્ઞાન પણ સાચું થતું નથી. વિકાર પોતે કરે તો કર્મને નિમિત્ત કહેવાય છે.

નિરપેક્ષના નિશ્ચય વિના સાપેક્ષનો નિશ્ચય સાચો નથી.
ઉપાદાનના નિશ્ચય વિના નિમિત્તનો નિશ્ચય સાચો નથી.
નિશ્ચયના નિશ્ચય વિના વ્યવહારનો નિશ્ચય સાચો નથી.
અભેદના નિશ્ચય વિના ભેદનો નિશ્ચય સાચો નથી.

મારા કારણે વિકાર નિરપેક્ષ થાય છે તેમ નક્કી કરે તો સાપેક્ષતા લાગુ પડે છે.

નિરપેક્ષનું જ્ઞાન કરે તો સાપેક્ષનું જ્ઞાન સાચું.
ઉપાદાનનું જ્ઞાન કરે તો નિમિત્તનું જ્ઞાન સાચું.
નિશ્ચયનું જ્ઞાન કરે તો વ્યવહારનું જ્ઞાન સાચું.
અભેદનું જ્ઞાન કરે તો ભેદનું જ્ઞાન સાચું.
સ્વનું જ્ઞાન કરે તો પરનું જ્ઞાન સાચું.

આ શાસ્ત્રની ગાથા ૫૩માં કહ્યું છે કે આ આત્મસ્વરૂપનું કથન કરે, બીજાને બતાવે, આત્માનુભવી પુરુષોને આત્મસ્વરૂપ વિષે પૂછે, આત્મસ્વરૂપની ઇચ્છા કરે, તેની પ્રાપ્તિને પોતાનું ઇષ્ટ બનાવે, આત્મસ્વરૂપની ભાવનામાં સાવધાન થાય, આદર વધારે, જેથી બહિરાત્માપણું નાશ પામી જ્ઞાનમય પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

સત્ય વાત ઘણી બહાર આવી છે પણ નાના છોકરા પાસેથી લાકડાનું ચુસણીયું કોઈ લઈ જાય તો ઉંહું કર્યા કરે, ઘણું સમજાવે, પેંડા આપે, અને એનું એ ચુસણીયું આપે તોપણ ઉંહું ન છોડે, એમ અજ્ઞાનીને કહે છે કે પરના લઈને તારો સંસાર થયો છે— એવું ઉંહું તો મૂક! પોતાના અપરાધથી સંસાર દશા થાય છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. પણ જે નકારે ચડયો છે તે નકાર કર્યા જ કરે છે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે, તેની પર્યાયમાં ઉપાધિ છે, ઉપાધિ રહિત આત્મા છે એવા ભાન વિના અનંતવાર નવમી ગ્રૈવેક ગયો ત્યારે વ્યવહારમાં ભૂલ ન હતી, પણ અંતરમાં ભૂલ હતી. પુણ્યથી સંસ્કાર પડશે એવી બુદ્ધિ રહી ગઈ હતી.

અહીં શુદ્ધાત્માની જિજ્ઞાસાવાળો લીધેલ છે. અહીં ભવ્ય પુરુષોનું લક્ષ કરી ગ્રંથ બનાવે છે. ગ્રંથ બનાવવામાં છ પ્રકાર હોય છે. મંગળ, નામ, નિમિત્ત, પ્રયોજન, પરિમાણ, કર્તા. અહીં નિમિત્ત ભવ્ય પુરુષોના માટે છે. કર્મ મને આડા આવે એમ માને તેની વાત નથી. પુણ્ય ને સંયોગ તો ઘણીવાર મળ્યા. પુણ્ય પરિણામ થોડા હોય કે વારે હોય અથવા સંયોગ થોડા હોય કે વધારે હોય તેથી શું? પૂર્ણ શુદ્ધ આત્માની વાત સાંભળવા આવ્યો છે, કર્મોનો ક્ષય કરી બાધા રહિત નિર્મળ અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ કરવાની ઇચ્છા છે. તેના માટે શુદ્ધાત્માની વાત કહીશ. સમયસારમાં હું સિદ્ધ અને તું સિદ્ધ એમ કહીને શરૂઆત કરી છે. સમયસારાદિ અલૌકિક ગ્રંથો છે.

આત્મા જ્ઞાન-દર્શનના લક્ષણવાળો છે.

નિયમસારાદિ જૈનાગમ ગ્રંથોથી માલુમ થાય છે કે આત્મા એક છે, તે અનેકપણાના ભેદથી જુદો છે, નિત્ય છે, જ્ઞાન દર્શન લક્ષણવાળો છે. વ્યવહાર તે આત્માનું લક્ષણ નથી. જ્ઞાન દર્શનથી આત્મા ધ્યેય થાય છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે. ક્રમબદ્ધમાં એ જ નિશ્ચય કરાવવો છે. તારો આત્મા પરનો અકર્તા છે. પોતાને જ્ઞાતાદ્દષ્ટાનું ભાન થયું તો પરનો જ્ઞાતાદ્દષ્ટા વ્યવહારે થયો પણ પરનો કર્તા-હર્તા નથી. જ્ઞાતાદ્દષ્ટા વિના ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય નથી. સર્વજ્ઞ ભગવાન પૂર્ણ રીતે જ્ઞાતાદ્દષ્ટા છે. નીચલી દશામાં સાધક પણ જ્ઞાતાદ્દષ્ટા છે. કોઈ નિમિત્તને લાવનાર કે મૂકનાર નથી.

સંયોગ લક્ષણવાળા પદાર્થોથી આત્મા જુદો છે.

વળી કેવો છે આત્મા? કે આત્મા સંયોગ લક્ષણવાળા સમસ્ત પદાર્થથી રહિત છે. પુણ્યપાપ સંયોગલક્ષણવાળા છે. વિકારમાં મારા સ્વભાવનો પ્રવેશ નથી. મારા સ્વભાવમાં વિકાર નથી. પર પદાર્થ મારા નથી, હું તેનો નથી. આમ શાસ્ત્રને સંભળાવવું છે. તારામાં વિકાર થાય છે તેમાં કર્મ નિમિત્ત છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છોડી શુદ્ધ આત્માના શ્રદ્ધા જ્ઞાન કરવાનું કહે છે. આમ શાસ્ત્રનું કહેવું છે. [ક્રમશઃ]

—o—

## સુવર્ણપુરી સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છત્રછાયામાં, રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે. સવારે જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરહસ્યપ્રકાશક ટેપ-પ્રવચન, શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી કળશટીકા ઉપર શાસ્ત્ર વાંચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ ઉપર ભાવવાહીશૈલીયુક્ત આધ્યાત્મિક ટેપ-પ્રવચન—એ રીતે નિયમિત કાર્યક્રમ ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન શુદ્ધાત્મસાધના સહિત કુશળતાપૂર્વક બિરાજી રહ્યા છે, શારીરિક સ્વાસ્થ્ય યથાવત્ ઠીક છે. તેમના પાવન દર્શન તેમ જ તેઓની અધ્યાત્મરસભરી નિશ્ચયવ્યવહારની સંધિયુક્ત ગુરુભક્તિભીની સ્વાનુભવરસ ઝરતી અમૃતવાણીનો અનુપમ લાભ મહેમાનોને તેમજ મુમુક્ષુ સમાજને યથાસમય મળતો રહે છે.

* મહા વદ ૯, રવિવાર, તા. ૨૨–૨–૮૭ થી ફાગણ સુદ ૨, રવિવાર, તા. ૧–૩–૮૭ સુધી શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરનો ૪૭ મો વાર્ષિક મહોત્સવ શ્રી વીસ વિહરમાન મંડળ વિધાનપૂજા અને જિનેન્દ્રભક્તિ આદિ પૂર્વક ઉજવવામાં આવશે.

* ફાગણ સુદ ૩, સોમવાર, તા. ૨–૩–૮૭ થી ફાગણ સુદ ૭, શુક્રવાર, તા. ૬–૩–૮૭ સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો દ્વિતીય વાર્ષિક સમારોહ શ્રી નંદીશ્વરાદિપૂજા તથા જિનેન્દ્રભક્તિ પૂર્વક ઉજવવામાં આવશે.

* ફાગણ સુદ ૮, શનિવાર, તા. ૭–૩–૮૭ થી ફાગણ સુદ ૧૫, રવિવાર, તા. ૧૫–૩–૮૭—નવ દિવસ સુધી શ્રી નંદીશ્વર-અષ્ટાન્હિકાપર્વ ‘તેરહદ્વીપવિધાન’ અંતર્ગત પંચમેરુ-નંદીશ્વરપૂજાપૂર્વક ઉજવવામાં આવશે.

* અષ્ટાન્હિકાપર્વમાં ફાગણ સુદ ૧૩, શુક્રવાર, તા. ૧૩–૩–૮૭ ના રોજ શ્રી પરમાગમમંદિરની પ્રતિષ્ઠાનો ૧૪ મો વાર્ષિક સમારોહ વિશેષ પૂજા-ભક્તિ પૂર્વક ઉજવવામાં આવશે.

—ઉપરોક્ત બધા ઉત્સવ પ્રસંગે આદરણીય પંડિતપ્રવર શ્રી હિંમતભાઈ જે. શાહ જિનન્દ્રપૂજા તથા જિનન્દ્રભક્તિ કરાવશે.

* પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાની ખુશાલીમાં:–

રૂા. ૧૧૦૦૨/ શ્રી વસંતભાઈ કસ્તુરચંદ તલાટી (મુંબઈ) પરિવાર તરફથી તથા

રૂા. ૫૦૧૦/ શ્રી જસ્મીનાબેન વિક્રમકુમાર શેઠ તથા બ્ર. રંજનબેન તરફથી

—શ્રી નંદીશ્વરાદિ જિનાલય આદિ વિવિધ ખાતામાં જાહેર કરવામાં આવ્યા છે.

—૦—

સુવર્ણપુરીમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો
૫૫ મો

## 卐 સમ્યક્ત્વજયંતી–મહોત્સવ 卐

[ તા. ૨૦-૩-૮૭ થી તા. ૨૪-૩-૮૭ ]

અત્યંત પ્રસન્નતા સહ જણાવવાનું કે—આપણા તારણહાર સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમભક્ત સ્વાનુભવવિભૂષિત, સુવર્ણપુરી–અધ્યાત્મ-તીર્થભૂષણ, આત્માનુભૂતિજનક દેશનાલબ્ધિના અનન્યાધાર પ્રશમ-મૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૫૫ મી સમ્યક્ત્વ જયંતી (ફાગણ વદ દશમ)ના ઉપલક્ષમાં તા. ૨૦-૩-૮૭ થી તા. ૨૪-૩-૮૭—પાંચ દિવસનો 'સમ્યક્ત્વજયંતી–મહોત્સવ' સોનગઢમાં શ્રી વાંકાનેર દિ. જૈન સંઘ તરફથી ઉજવવામાં આવશે. આ પવિત્ર ઉત્સવ 'શ્રી ચોસઠઋદ્ધિ મંડળવિધાન પૂજા', પૂજ્ય ગુરુદેવના સમ્યક્ત્વપ્રેરક વિશિષ્ટ ટેપ–પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મરસભરી અનુપમ વિડીયો–તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે. મહેમાનો માટે રહેવા તેમજ જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

* જે વિષયથી વિરક્ત છે તે જીવ નર્કમાં તીવ્ર વેદના છે તેને પણ ગુમાવે છે, ત્યાં પણ અતિ દુઃખી થતો નથી તેથી ત્યાંથી નીકળીને તીર્થંકર થાય છે. આ જિનેન્દ્ર વર્ધમાન ભગવાને કહ્યું છે.

( —શ્રી કુંદકુંદ આચાર્ય, શીલપાહુડ, ગાથા–૩૨ )

* સંસારરૂપી ઘટીયંત્રમાં એક પાટલી સમાન એક વિપત્તિ દૂર કરાય તે પહેલાં તો બીજી ઘણી વિપત્તિઓ સામે ઉપસ્થિત થાય છે.

( —શ્રી પૂજ્યપાદ આચાર્ય, ઇષ્ટોપદેશ, ગાથા–૧૨ )

* જે મનુષ્ય ધન હોવા છતાં પણ દાન દેવામાં ઉત્સુક તો થતો નથી પરંતુ પોતાની ધાર્મિકતા પ્રગટ કરે છે તેના હૃદયમાં જે કુટિલતા રહે છે તે પરલોકમાં તેના સુખરૂપી પર્વતોના વિનાશ માટે વીજળીનું કામ કરે છે.

( —શ્રી પદ્મનંદી પંચવિંશતિ, દાન–અધિકાર, શ્લોક–૩૧ )

## 卐 કહાનગુરુ–જન્મશતાબ્દિ–મહોત્સવ 卐

મુમુક્ષુઓના તારણહાર કૃપાસાગર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની આગામી જન્મશતાબ્દિ ઉજવવા માટે અનેક સ્થાનોથી વિવિધ સૂચનો આવ્યા છે. આ અંગે ટ્રસ્ટીમંડળની તા. ૨૫–૧–૮૭ની મિટીંગમાં વિચારણા કરીને આ અત્યંત મહત્ત્વપૂર્ણ અને વિશાળ કાર્ય સંબંધી સંપૂર્ણ રીપોર્ટ તૈયાર કરવા માટે એક કમિટિની રચના કરવામાં આવી છે, કે જે એક માસમાં ટ્રસ્ટીમંડળ સમક્ષ પોતાનો રીપોર્ટ રજૂ કરશે. કહાનગુરુ-જન્મશતાબ્દિ–મહોત્સવ ભવ્ય રીતે ઉજવવા, તેની સંપૂર્ણ વ્યવસ્થા માટે એક અલગ કાર્યાલય ખોલવાનું નક્કી કરવામાં આવેલ છે, જેનું ઉદ્‌ઘાટન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૫૫ મી સમ્યક્ત્વ જયંતી (તા. ૨૪–૩–૮૭)ના મંગલ અવસરે કરવામાં આવશે.

—૦—

Licence No. 3 ‘ Licensed to post without prepayment ’

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૩૫૦

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012